

PRGI No. GUJGUJ/2008/26148
# ગરવી ગુજરાત
ગરવી ગુજરાત
PUBLISHED GUJARATI DAILY FROM AHMEDABAD
Volume : 18
Issue : 310
Dt.: 21-07-2026,
Tuesday
Page : 04
Rs.00.50 paisa

### સરકાર બાળકોની વાત સાંભળતી નથી : અખિલેશ

# સંસદ માર્ચમાં વિદ્યાર્થીઓ પર લાઠીચાર્જ થતાં ભડક્યું આખું વિપક્ષ

## શશી થરૂર, અરવિંદ કેજરીવાલ અને મહુઆ મોઈત્રા સહિતના નેતાઓએ સરકાર પર પ્રહારો કર્યા છે

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

આજે સંસદમાં ચોમાસા સત્રનો પહેલો જ દિવસ છે, ત્યારે જંતર-મંતરથી લઈને સંસદ સુધી ભારે હોબાળો ચાલી રહ્યો છે. નીટ પરીક્ષામાં ધાધલી મામલે શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામાની માંગ કરી રહેલા કોકરોચ જનતા પાર્ટી (CJP)ના સમર્થકોએ સંસદ તરફ માર્ચ શરૂ કરતા જ મામલે ગંભીર બની ગયો છે. દિલ્હી પોલીસે સંસદ તરફ આવી રહેલા દેખાવકારો પર લાઠીઓ વરસાવી છે, જેને લઈને આખો વિપક્ષ ગુસ્સે થયો છે. દેખાવકારો પર લાઠીચાર્જ મામલે સમાજવાદી પાર્ટી, કોંગ્રેસ, આમ આદમી પાર્ટીથી લઈને ટીએમસીના નેતાઓ ગુસ્સે થયા છે.

વિપક્ષના નેતાઓએ દેખાવ કરી રહેલા વિદ્યાર્થીઓનું સમર્થન કરવાની સાથે કેન્દ્ર સરકાર પર આકરા પ્રહારો કર્યા છે. સમાજવાદી પાર્ટીના પ્રમુખ અખિલેશ યાદવે વિદ્યાર્થીઓ પર બળપ્રયોગ કરવા મામલે ચિંતા વ્યક્ત કરી છે. તેમણે કહ્યું કે, 'અમારા સાંસદોને પોલીસ સ્ટેશનમાં રાખવામાં આવ્યા છે, જ્યારે બહાર બાળકો પર લાઠીચાર્જ કરવામાં આવી રહ્યો છે. આ કેવી સરકાર છે? તમે બાળકોની વાત સાંભળવા જ નથી માંગતા.'

અખિલેશે નીટ પરીક્ષામાં ધાંધલી મામલે નેતાઓના રાજીનામાની માંગ કરી છે. તેમણે કહ્યું કે, જો નીટ પરીક્ષામાં ધાંધલી થઈ, તો તે માટે જવાબદાર કોણ છે? તમે વિશ્વગુરુ બનવાની આશા રાખીને બેઠા છો અને દાવો કરો છો કે, વિશ્વ અમૃતકાળમાં છે. તેમ છતાં તમે તમારા મંત્રીઓને હટાવી શકતા નથી. તેમણે રોજગાર મામલે સરકારને ઘેરતા કહ્યું કે, 'જો નોકરીઓ અપાઈ હોત તો આજે બાળકો રસ્તા પર ન ઉતર્યા હોત. જ્યારે લોકો વિરોધ કરવા બેઠા હતા, ત્યારે અંગ્રેજોએ પણ તેમની વાત સાંભળી હતી. તેથી જ વિરોધનો રસ્તો દેખાડનાર ગાંધીજીનું આજે વિશ્વભરમાં સન્માન કરવામાં આવે છે. જે રીતે દેખાવકારોને હટાવાઈ રહ્યા છે, તે જોતા લાગી રહ્યું છે કે, સરકારની સન્માનજનક વિદાય ન થઈ જાય. આ સરકાર નહીં, પરંતુ અહંકાર છે.' કોંગ્રેસ નેતા શશિ થરૂરે પણ વિદ્યાર્થીઓ પર લાઠીચાર્જ મામલે આક્રમક પ્રતિક્રિયા આપી છે. તેમણે શાંતિપૂર્વક દેખાવો કરી રહેલા યુવાઓ પર પોલીસની કાર્યવાહીને હિંસા ગણાવી છે. તેમણે કહ્યું કે, 'અહિંસક દેખાવો થઈ રહ્યા હતા, તો લાઠીચાર્જ કરવા પાછળ શું કારણ છે? લાઠીચાર્જ કરવો તે અહિંસાનું કામ નથી. આ એક હિંસક કાર્યવાહી છે.'

આમ આદમી પાર્ટીના અરવિંદ કેજરીવાલે વિદ્યાર્થીઓ પર લાઠીચાર્જની ઘટનાની ટીકા કરી છે. તેમણે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર લખ્યું છે કે, 'અમારા બાળકો પર લાઠીચાર્જ થઈ રહ્યો છે, ટિયર ગેસના સેલ છોડવામાં આવી રહ્યા છે. એવું લાગે છે કે, મોદીજીએ શિક્ષણ અને પરીક્ષા વ્યવસ્થા યોગ્ય કરવાના બદલે દેશના યુવાઓ પર હુમલો કરી દીધો છે. યુવાઓ મોદીજીનો અહંકાર ક્યારેય સહન નહીં કરે.'

તૃણમૂલ કોંગ્રેસના સાંસદ મહુઆ મોઈત્રાએ પણ જંતર-મંતર પરની સ્થિતિ અંગે પ્રતિક્રિયા આપી છે. તેમણે કહ્યું કે, 'હું આજે સવારે લોકસભા જતા પહેલા જંતર-મંતર ગઈ હતી. ત્યારપછી તુરંત ઈન્ટરનેટ બંધ કરી દેવાયું અને દેખાવકારો પર ક્રૂરતા શરૂ કરવામાં આવી. કોઈપણ સરકાર જો ક્રૂરતાનો ઉપયોગ કરીને અહિંસક વિદ્યાર્થી પ્રદર્શનકારીઓ પર હુમલા કરે છે, તે પોતાના અંતિમ દિવસોમાં હોય છે.'



તેમણે વધુ એક પોસ્ટમાં લખ્યું છે કે, 'નરેન્દ્ર મોદી અને અમિત શાહ - જોઈ લો! સારી રીતે જોઈ લો. આજે યુવાઓ કોઈપણ ડર વગર તમારી સામે ઉભા છે. હવે તમારી પાસે છુપાવા માટે કોઈ જગ્યા બચી નથી.'

### વિશ્વનો સૌથી ખતરનાક દરિયાઈ રસ્તો બન્યો હોર્મુઝ

# હોર્મુઝ ક્રોસ કરતાં બે જહાજોમાં બ્લાસ્ટ, બંને જહાજ માઈન સાથે ટકરાયાનો ઈરાનનો દાવો

### જ્યાં સુધી અમેરિકા આ વિસ્તારમાં પોતાના સૈન્ય અભિયાનો ચલાવતું રહેશે, ત્યાં સુધી હોર્મુઝ સ્ટ્રેટમાંથી પસાર થતું એકપણ જહાજ સુરક્ષિત રહેશે નહીં

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

વિશ્વના સૌથી મહત્ત્વપૂર્ણ અને ઓઈલ સપ્લાયની લાઈફલાઈન ગણાતા હોર્મુઝ સ્ટ્રેટમાં ફરી એકવાર જોરદાર ધમાકા થવાના કારણે વૈશ્વિક સ્તરે હલચલ મચી ગઈ છે. ઈરાનની ઈસ્લામિક રિવોલ્યુશનરી ગાર્ડ કોર્પ્સ દ્વારા દાવો કરવામાં આવ્યો છે કે, મોડી રાત્રે બે ઓઈલ ટેન્કરો દરિયાઈ માઈન (દરિયામાં બિછાવેલી સુરંગ) સાથે ટકરાયા હતા, જેના કારણે જોરદાર બ્લાસ્ટ થતા બંને જહાજો ત્યાં જ થંભી ગયા હતા. આ ઘટનાની સાથે જ ઈરાને આકરા વલણમાં સ્પષ્ટ શબ્દોમાં ચેતવણી આપી છે કે, જ્યાં સુધી અમેરિકા આ વિસ્તારમાં પોતાના સૈન્ય અભિયાનો ચલાવતું રહેશે, ત્યાં સુધી હોર્મુઝ સ્ટ્રેટમાંથી પસાર થતું એકપણ જહાજ સુરક્ષિત રહેશે નહીં.ઈરાન અને અમેરિકા વચ્ચે વધી રહેલા સૈન્ય તણાવના કારણે હોર્મુઝ સ્ટ્રેટ હાલમાં દુનિયાનો સૌથી સંવેદનશીલ અને જોખમી દરિયાઈ માર્ગ બની ચૂક્યો છે. ખાડી દેશોમાંથી નીકળતા મોટાભાગના ક્રૂડ ઓઈલ અને ગેસના ટેન્કરો આ જ રૂટ પરથી પસાર થાય છે. બંને દેશો વચ્ચે યુદ્ધ જેવી સ્થિતિ સર્જાયા બાદ અહીંથી પસાર થતા જહાજો પર દર પળે મિસાઈલ, ડ્રોન કે દરિયાઈ માઈનનો ખતરો તોળાતો રહે છે.નોંધનીય છે કે ઈરાને હોર્મુઝમાં ટેન્કરો પર બ્લાસ્ટનો દાવો કર્યો હોય તેવી આ પહેલી ઘટના નથી. ગયા અઠવાડિયે પણ IRGCએ બે ટેન્કરો માઈન સાથે ટકરાયા હોવાની વાત કહી હતી, જોકે તે સમયે અમેરિકન સેન્ટ્રલ કમાન્ડે આ દાવાને ખોટો ગણાવ્યો હતો. આ સિવાય ઈરાને અગાઉ મિસાઈલ અને ડ્રોન અભિયાન ચલાવીને ચાર જહાજોને રોક્યા હોવાનો પણ દાવો કર્યો હતો.બીજી તરફ, અમેરિકા દ્વારા પણ ઈરાન પર સતત હુમલા કરવામાં આવી રહ્યા છે. અમેરિકન સેનાએ ઈરાન પર સતત 9મી રાત્રે પણ સૈન્ય કાર્યવાહી કરી છે, જેના કારણે ઈરાનના દરિયાકાંઠાના બંદરો પર સતત ધમાકા સંભળાઈ રહ્યા છે. આ ભીષણ તણાવ વચ્ચે ઈરાનના મીડિયાએ એક મોટો દાવો કરતા જણાવ્યું છે કે, પશ્ચિમ ઈરાનના કેરમાનશાહ પ્રાંતમાં અમેરિકાનું એક અત્યંત આધુનિક અને શક્તિશાળી MQ-9 ડ્રોન તોડી પાડવામાં આવ્યું છે.રિપોર્ટ અનુસાર, IRGCની એરોસ્પેસ ફોર્સની એડવાન્સ એર ડિફેન્સ સિસ્ટમે આ અમેરિકન ડ્રોનને નિશાન બનાવીને તોડી પાડ્યું હતું. જોકે, આ દાવા અંગે હજુ સુધી કોઈ સ્વતંત્ર પુષ્ટિ થઈ નથી અને અમેરિકા તરફથી પણ આ મામલે કોઈ સત્તાવાર નિવેદન બહાર પાડવામાં આવ્યું નથી.

### દિલ્હીમાં લાઠીચાર્જ મામલે રાહુલ ગાંધીના પ્રહાર

# ભારતના ઈતિહાસમાં સૌથી મોટા યુવા વિરોધી PM

### કોંગ્રેસના નેતા પ્રિયંકા ગાંધીએ પણ બાળકો પર લાઠીચાર્જને બદલે નીતિઓની સમીક્ષાની માંગ કરી

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

દિલ્હીમાં કોકરોચ જનતા પાર્ટી (CJP) દ્વારા ચાલી રહેલા વિરોધ પ્રદર્શન વચ્ચે લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ કેન્દ્ર સરકાર પર આકરા પ્રહારો કર્યા છે.

તેમણે વડાપ્રધાન નરેન્દ્ર મોદીને ભારત દેશના ઈતિહાસના સૌથી યુવા વિરોધી PM ગણાવ્યા હતા, અને કહ્યું હતું કે, શિક્ષણના મુદ્દે સવાલ ઉઠાવનારા બાળકો પર લાઠીચાર્જ કરવામાં આવી રહ્યો છે.

કોંગ્રેસ સાંસદ રાહુલ ગાંધીએ જણાવ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદી ભારત દેશના ઈતિહાસના સૌથી યુવા વિરોધી વડાપ્રધાન છે. તેઓ એટલા યુવા વિરોધી છે કે, એક નિષ્ફળ શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાનનું રાજીનામું પણ લઈ શકતા નથી.

૧૫૨ પેપર લીક થયા, ૭.૫ કરોડ વિદ્યાર્થીઓ પીડિત થયા, અને સજા એક પણ ગુનેગારને ન મળી! સજા કોને મળી? મહેનતુ યુવાનોને જ્યારે આ બાળકોએ શિક્ષણ અંગે ધારદાર પ્રશ્નો ઉઠાવ્યા ત્યારે જવાબમાં લાઠી અને અટકાયત મળી. પેપર લીક કરનારા અપરાધીઓ આઝાદ છે, અને વાજબી મુદ્દા ઉઠાવનારા વિદ્યાર્થીઓને ઢસડવામાં આવે છે, મારવામાં આવે છે. આ સરકાર માત્ર યુવાનોને નિષ્ફળ જ નથી બનાવી રહી, પરંતુ તેમના પર અત્યાચાર કરી રહી છે. પ્રિયંકા ગાંધીએ જણાવ્યું હતું કે, BJP સરકારે બાળકો પર લાઠીચાર્જ કરવાના બદલે પોતાની નીતિઓ અને અક્ષમતાની સમીક્ષા કરવી જોઈએ. પહેલા NEETનું પેપર લીક થયું, પરીક્ષા રદ થઈ, અને રી-નીટ (Re-NEET)માં પણ ગડબડના અહેવાલો આવ્યા છે. એવું કહેવામાં આવ્યું હતું કે, વડાપ્રધાન પોતે દેખરેખ રાખશે, તો પછી આ બધું કેમ અને કેવી રીતે થઈ રહ્યું છે? વારંવાર આટલા પેપર લીક કેમ થઈ રહ્યા છે? સંસદમાં આ મુદ્દે વિગતવાર ચર્ચા થવી જોઈએ, અને વડાપ્રધાને દેશના કરોડો યુવાનોની વાત સાંભળીને તેમને જવાબ આપવો જોઈએ.જંતર-મંતર પર CJPના પ્રદર્શન વચ્ચે એડિશનલ પોલીસ કમિશનર અને PRO રાજીવ રંજને પ્રદર્શનકારીઓને કાયદો અને વ્યવસ્થા જાળવવામાં પોલીસને સહયોગ આપવા અપીલ કરી છે. તેમણે એક વીડિયો મેસેજમાં જણાવ્યું કે, તમામ પ્રદર્શનકારીઓને વિનંતી છે કે, તેઓ શાંતિપૂર્ણ રીતે પ્રદર્શન કરે. કોઈ પણ ગેરકાયદેસર કે, હિંસક પ્રવૃત્તિમાં સામેલ ન થાય, અને ફરજ પર તૈનાત પોલીસકર્મીઓ દ્વારા આપવામાં આવતી કાયદાકીય સૂચનાઓનું પાલન કરે.

# ઈરાનના હુમલાઓમાં વધુ ૩ અમેરિકન સૈનિકોએ જીવ ગુમાવ્યા

(સંપૂર્ણ સમાચાર સેવા)વોશિંગ્ટન

અમેરિકા અને ઈરાન વચ્ચે ચાલી રહેલો સંઘર્ષ હવે અત્યંત ભયાનક વળાંક પર પહોંચી ગયો છે. ઉત્તરી ઈરાકમાં ઈરાની ડ્રોનના અવિસ્ફોટિત બોમ્બને નિષ્ક્રિય કરતી વખતે થયેલા વિસ્ફોટમાં એક અમેરિકન સૈનિકનું મોત નીપજ્યું છે અને એક જવાન ગંભીર રીતે ઘવાયો છે.

આ ઘટનાથી ક્રોધે ભરાયેલા અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના આદેશ બાદ યુએસ સેનાએ ઈરાનના અનેક મહત્ત્વપૂર્ણ સૈન્ય ઠેકાણા પર ભીષણ હવાઈ હુમલા ઝીંકી દીધા છે. અમેરિકી સેન્ટ્રલ કમાન્ડ (CENTCOM) એ રવિવારે સત્તાવાર માહિતી આપતા જણાવ્યું હતું કે, ૧૮ જુલાઈના રોજ ઉત્તરી ઈરાકમાં તોડી પાડવામાં આવેલા ઈરાનના 'વન-વે એટેક ડ્રોન'ના વિસ્ફોટક સાધનોને નિયંત્રિત રીતે નષ્ટ કરવાની કામગીરી દરમિયાન આ દુર્ઘટના ઘટી હતી. આ ઘટના સાથે જ છેલ્લા ૫ મહિનાથી ચાલી રહેલા આ યુદ્ધમાં જીવ ગુમાવનારા અમેરિકી સૈનિકોની સંખ્યા વધીને ૧૭ થઈ ગઈ છે. CENTCOM અનુસાર, સૈનિકોની ઓળખ હાલ ગુપ્ત રાખવામાં આવી છે.

### ૪થી ૬૦ વર્ષ સુધીની વયના લોકો લઈ શકશે QDENGA

# હવે ડેન્ગ્યુથી મળશે હંમેશા માટે છુટકારો, સરકારે જાપાની વેક્સિનને આપી મંજૂરી

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

દેશમાં દર વર્ષે ડેન્ગ્યુના કારણે ભારે તબાહી મચે છે. વરસાદ પછી દેશના ઘણા વિસ્તારોમાં ડેન્ગ્યુ ફેલાય છે અને તેના કારણે દર વર્ષે હજારો લોકોના મોત પણ થાય છે. પરંતુ હવે તેના પર બ્રેક લાગશે. સરકારે ડેન્ગ્યુને ખતમ કરવા માટે રસીને મંજૂરી આપી દીધી છે. ડ્રગ રેગ્યુલેટરી સંસ્થા સેન્ટ્રલ ડ્રગ સ્ટાન્ડર્ડ એન્ડ ઓર્ગેનાઈઝેશન CDSCO એ જાપાની રસી ક્યુડેન્ગા QDENGA ને મંજૂરી આપી દીધી છે. ક્યુડેન્ગાને જાપાની દવા કંપની તાકેડા ફાર્માસ્યુટિકલ દ્વારા વિકસાવવામાં આવી છે. આ રસી ટેટ્રાવેલેન્ટ લાઈવ એટેન્યુએટેડ ટેકનોલોજી પર વિકસાવવામાં આવી છે, જેનો અર્થ છે કે આ રસી ડેન્ગ્યુ વાયરસના ચારેય સેરોટાઈપથી સુરક્ષા પ્રદાન કરી શકે છે. જાપાની કંપની અનુસાર, આ રસી એવા લોકોને પણ આપી શકાય છે જેમને પહેલા ડેન્ગ્યુ થઈ ચૂક્યો છે. બીજી તરફ, જેમને અત્યાર સુધી ડેન્ગ્યુ નથી થયો તે તો લઈ જ શકશે. આ રસી લગાવતા પહેલા ડેન્ગ્યુની તપાસ કરાવવાની જરૂર નથી. કંપનીએ કહ્યું છે કે આ મંજૂરી એવા સમયે મળી છે, જ્યારે ભારતમાં છેલ્લા બે દાયકા દરમિયાન ડેન્ગ્યુના કેસોમાં ૧૧ ગણો વધારો નોંધાયો છે. આ રસી બનાવવા માટે જાપાની કંપની તાકેડા ફાર્માસ્યુટિકલએ ૨૦૨૪ માં ભારતની રસી કંપની બાયોલોજિક ઈ સાથે ભાગીદારી કરી હતી. આ કરાર હેઠળ Biological E દર વર્ષે ૫ કરોડ ડોઝ બનાવવાની ક્ષમતા વિકસાવશે. આનાથી તાકેડાને દાયકાના અંત સુધીમાં વિશ્વભરમાં દર વર્ષે ૧૦ કરોડ ડોઝ ઉત્પાદન કરવાના તેના લક્ષ્યને હાંસલ કરવામાં મદદ મળશે.

આપણે બધા જાણીએ છીએ કે ડેન્ગ્યુ મચ્છર કરડવાથી ફેલાય છે. તે મચ્છરની અંદર ડેન્ગ્યુ વાયરસ હાજર હોય છે. ડેન્ગ્યુ તાવ વિશ્વભરમાં એક પડકાર બની રહ્યો છે. વૈશ્વિક સ્તરે ડેન્ગ્યુના કુલ કેસોમાં લગભગ એક તૃતીયાંશ હિસ્સો ભારતનો છે. તાકેડાના ઈન્ટરકોન્ટિનેન્ટલ માર્કેટ્સના વડા મહેન્દ્ર નાયકે કહ્યું, ૨૦૨૨ માં લોન્ચ થયા પછી QDENGA ને ૪૩ દેશોમાં મંજૂરી મળી ચૂકી છે અને વિશ્વભરમાં તેના ૩.૨ કરોડથી વધુ ડોઝ વિતરિત કરવામાં આવ્યા છે. કંપનીએ એ પણ જણાવ્યું કે લાંબા ગાળાના અભ્યાસમાં QDENGA એ ડેન્ગ્યુ સંક્રમણ અને ડેન્ગ્યુના કારણે હોસ્પિટલમાં દાખલ થવાના જોખમ સામે સતત અસરકારક સુરક્ષા પ્રદાન કરી છે.

લાંબા ગાળાના ક્લિનિકલ ડેટા અનુસાર, આ રસીની અસરકારકતા ઘણી ઉત્તમ છે. તે ડેન્ગ્યુના ચારેય સ્ટ્રેનથી થતી બીમારીને રોકવામાં સક્ષમ છે. આ રસી સામાન્ય રીતે થતા ડેન્ગ્યુના જોખમને ૬૧ થી ૮૦ ટકા સુધી ઘટાડે છે. તે હોસ્પિટલમાં દાખલ થવાથી બચાવવામાં મદદ કરે છે. તેના બે ડોઝ લીધા પછી ડેન્ગ્યુના કારણે હોસ્પિટલમાં દાખલ થવાનું જોખમ લગભગ ૮૪% થી ૯૦% સુધી ઓછું થઈ જાય છે.

ડ્રગ્સ કંટ્રોલર જનરલ ઓફ ઈન્ડિયાએ નિષ્ણાત સમિતિની ભલામણના આધારે ૪ થી ૬૦ વર્ષની વયના લોકો માટે તેના ઉપયોગને મંજૂરી આપી છે. આ રસી બે ડોઝમાં લગાવવી પડે છે. આ બંને ડોઝની અંદાજિત કિંમત ૬,૦૦૦ થી ૧૨,૦૦૦ ની વચ્ચે હોઈ શકે છે. કારણ કે હૈદરાબાદની બાયોલોજિકલ ઈ તેનું ભારતમાં જ નિર્માણ કરી રહી છે. તેથી નિષ્ણાતોનું માનવું છે કે આવનારા સમયમાં તેનું મોટા પાયે ઉત્પાદન થશે જેનાથી કિંમતમાં ભારે ઘટાડો આવી શકે છે.

# સરકાર માટે બીજી મુશ્કેલી ઉભી થઈ, ખેડૂતો હવે મેદાને પડ્યા

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

સંસદના ચોમાસું સત્ર વચ્ચે દેશની રાજધાની દિલ્હીમાં એકસાથે બે મોટા આંદોલનોને કારણે રાજકીય ગરમાવો આવી ગયો છે અને સુરક્ષા દળો હાઈ એલર્ટ પર છે. એક તરફ આજે સોમવારે કોકરોચ જનતા પાર્ટી (CJP)ના વિરોધ પ્રદર્શનથી સંસદ ભવન આસપાસ તંગદિગીભર્યો માહોલ બન્યો છે, તો બીજી તરફ પંજાબથી હજારો ખેડૂતોના કાફલા દિલ્હી તરફ રવાના થતાં સરકાર માટે બેવડી સૂરક્ષા અને રાજકીય પડકાર ઉભો થયો છે. ખેડૂતોનો કાફલો રાત્રિ રોકાણ અલગ-અલગ સ્થળોએ કરીને ૨૧ જુલાઈના રોજ દિલ્હીના 'કિસાન ઘાટ' ખાતે યોજાનાર મહારેલીમાં ભાગ લેશે. ખેડૂત નેતાઓએ દાવો કર્યો કે ભારતની ડેરી વ્યવસ્થા કરોડો ગ્રામીણ પરિવારોની આજીવિકા સાથે જોડાયેલી છે. એવામાં આ ક્ષેત્ર પર કોઈપણ પ્રકારનું દબાણ ગ્રામીણ અર્થતંત્ર અને રોજગાર પર નકારાત્મક અસર પાડી શકે છે. દેશ બચાવો મોરચાએ કેન્દ્ર સરકાર પાસે માંગ કરી છે કે ભારત-અમેરિકા વેપાર કરાર સાથે જોડાયેલા તમામ દસ્તાવેજો જાહેર કરવામાં આવે. સાથે જ ખેડૂતો, મજૂરો, ડેરી ઉત્પાદકો અને અન્ય સંબંધિત પક્ષો સાથે વ્યાપક ચર્ચા કર્યા પછી જ કોઈ નિર્ણય લેવામાં આવે. કિસાન મજદૂર સંઘર્ષ કમિટીના વરિષ્ઠ નેતા સરવણ સિંહ પંઢેરે જણાવ્યું કે અમૃતસર અને ગુરદાસપુર જિલ્લાઓમાંથી સેંકડો બસો અને અન્ય વાહનોનો કાફલો આજે બિયાસ પુલથી દિલ્હી માટે રવાના થયો. આ સિવાય પંજાબના વિવિધ જિલ્લાઓમાંથી કિસાન મજદૂર મોરચા, બીકેયુ એકતા સંઘર્ષ અને અન્ય ખેડૂત સંગઠનોના જથ્થા પણ દિલ્હી કૂચ કરી રહ્યા છે.



# તંત્રી લેખ......

## વિરોધ પક્ષ એકજૂટ થઈને સરકારને ઘેરવાની પૂરી તૈયારીમાં

સંસદના ચોમાસું સત્ર ૨૦૨૬ની શરૂઆત થઈ ચૂકી છે. NEET અને અન્ય પરીક્ષાઓના પેપર લીકના મુદ્દા, કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામાની માંગ અને જંતર-મંતર પર ચાલી રહેલા આંદોલનની વચ્ચે હવે બધાની નજર વિરોધ પક્ષ પર છે. આંદોલનકારી વિદ્યાર્થીઓ જાણવા માંગે છે કે, વિરોધ પક્ષના મોટા નેતાઓ અને પાર્ટીઓ તેમની માંગણીઓને કેટલી મજબૂતીથી ઉઠાવે છે. આવી સ્થિતિમાં સંકેતો મળી રહ્યા છે કે સંસદના ચોમાસું સત્રમાં કંઈક મોટું થવાનું છે. આવું એટલા માટે કહેવાઈ રહ્યું છે કારણ કે સમાજવાદી પાર્ટીના અધ્યક્ષ અખિલેશ યાદવે લોકસભામાં વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધી સાથે બંધ બારણે બેઠક કરી છે. આ વખતે વિરોધ પક્ષ એકજૂટ થઈને સરકારને ઘેરવાની પૂરી તૈયારીમાં લાગી ગયો છે. સૌથી મોટી ચર્ચા એ છે કે સમાજવાદી પાર્ટીના અધ્યક્ષ અખિલેશ યાદવે વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધીના રૂમમાં બંધ બારણે બેઠક કરી છે. સૂત્રોનું કહેવું છે કે, આ બેઠકમાં બંને નેતાઓએ સરકારને સંસદમાં કેવી રીતે ઘેરવી, કયા-કયા મુદ્દાઓ ઉઠાવવા અને કેવી રણનીતિ અપનાવવી તેની વિગતવાર ચર્ચા કરી છે. ચોમાસું સત્ર વચ્ચે આ બેઠક ખૂબ જ મહત્વની માનવામાં આવી રહી છે. આજે સંસદના ચોમાસુ સત્રની શરૂઆતથી જ વિરોધ પક્ષે પોતાના તેવર બતાવ્યા છે. ચોમાસુ સત્ર શરૂ થતાં જ સંસદમાં વિપક્ષના હોબાળાના કારણે સંસદની કાર્યવાહી અનેક વખત સ્થગિત કરવી પડી છે. આવી સ્થિતિમાં રાહુલ ગાંધી અને કોંગ્રેસ પણ જાણે છે કે હાલમાં સમાજવાદી પાર્ટી મજબૂત સ્થિતિમાં છે. સમાજવાદી પાર્ટી સતત સરકારની નીતિઓનો વિરોધ કરી રહી છે. તેથી જ રાહુલ ગાંધી અને અખિલેશ યાદવ વચ્ચે આ બેઠક થઈ છે, જેને ખૂબ જ મહત્વપૂર્ણ માની શકાય છે. આ બેઠકને INDIA ગઠબંધન માટે કોમન રણનીતિ તૈયાર કરવાની તક તરીકે જોવામાં આવી રહી છે. વિરોધ પક્ષ જાણે છે કે જો બધી પાર્ટીઓ એકજૂટ રહેશે તો સંસદમાં સરકાર પર વધુ દબાણ લાવી શકાશે. વિદ્યાર્થીઓ અને આંદોલનકારીઓ પણ આ જ જોવા માંગે છે કે તેમની માંગણીઓને સંસદની અંદર કેટલો મજબૂત અવાજ મળે છે. હાલમાં સંસદમાં માહોલ ગરમ છે અને આગામી દિવસોમાં વધુ ડ્રામા જોવા મળી શકે છે. શું વિરોધ પક્ષ આ વખતે સરકારને ખરેખર ઘેરી શકશે? કે પછી સત્ર સામાન્ય રીતે પસાર થઈ જશે? આ સવાલોના જવાબ માટે હવે સંસદની કાર્યવાહી પર નજર રાખવી જ પડશે.

### વટવામાં ૩૦૦ની લૂંટ માટે

## ૧૮ વર્ષના યુવકની હત્યા કરનારા બે સગા ભાઈને આજીવન કેદ

### ૨૦ ઓક્ટોબર ૨૦૧૯ના રોજ 'તેરે પાસ જો ભી હે વો દે દો' કહીને આરોપીઓએ જાવેદ રંગરેઝ પર છરીથી હુમલો કર્યો હતો

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

વટવાના અલકુબા પાર્ક પાસે સાત વર્ષ પહેલાં માત્ર રૂપિયા ૩૦૦ની લૂંટ ચલાવી ૧૮ વર્ષના નિર્દોષ યુવકની જાહેરમાં ક્રૂર હત્યા કરવાના ચકચારી કેસમાં કોર્ટે એડિશનલ સેશન્સ જજ પરિમલ પરષોત્તમભાઈ પટેલે હત્યા કરનાર બે સગાભાઈ શબ્બીર ઉર્ફે શોએબ અને શાહરૂખ ઉર્ફે જલેલીને કસૂરવાર ઠરાવીને જિંદગીના અંત સુધીની આજીવન કેદની સજા ફટકારી છે. અદાલતે ચુકાદામાં નોંધ્યું હતું કે, ગુનાની ગંભીરતા અને સમાજમાં વધતા આવા ગંભીર ગુનાઓને ધ્યાનમાં રાખીને આરોપીઓ પ્રત્યે કોઈ પણ પ્રકારની નરમાશ દાખવી શકાય નહીં. કોર્ટે કેસને 'રેરેસ્ટ ઓફ રેર' ન ગણી ફાંસીના બદલે જિંદગીના અંત સુધી જેલની સજા ફટકારી૨૦ ઓક્ટોબર ૨૦૧૯ના રોજ બપોરે વટવાના અલકુબા પાર્ક પાસે ૧૮ વર્ષનો મૃતક જાવેદ ઈમામુદીન રંગરેઝ તેના મિત્ર મુબીન સાથે ઊભો હતો. આ દરમિયાન આરોપી સગા ભાઈ શબ્બીર ઉર્ફે શોએબ અને શાહરૂખ ઉર્ફે જલેલી ત્યાં ધસી આવ્યા હતા. તેમણે 'તેરે પાસ જો ભી હે વો દે દો' કહીને જાવેદ સાથે ઝઘડો શરૂ કર્યો હતો. આ ઝઘડા દરમિયાન આરોપી શબ્બીરે જાવેદને મજબૂતાઈથી પકડી રાખ્યો હતો, જ્યારે શાહરૂખે તીક્ષ્ણ છરી કાઢીને જાવેદના ડાબા ખભા અને પીઠના ભાગે ઉપરાછાપરી જીવલેણ ઘા ઝીંકી દીધા હતા. છરીના ઘા વાગતાં જ જાવેદ લોહીલુહાણ હાલતમાં જમીન પર ઢળી પડ્યો હતો. અત્યંત ક્રૂરતા દાખવીને આરોપી શાહરૂખે મરણતોલ હાલતમાં પડેલા જાવેદના પેન્ટના ખિસ્સામાંથી માત્ર રૂ. ૩૦૦ની લૂંટ ચલાવી હતી અને બંને ભાઈઓ ત્યાંથી ફરાર થઈ ગયા હતા. ગંભીર ઈજાઓના કારણે હોસ્પિટલમાં સારવાર દરમિયાન જાવેદનું મોત નીપજ્યું હતું. વટવા પોલીસે બંને હત્યારા ભાઈઓની ધરપકડ કરી કોર્ટમાં ચાર્જશીટ રજૂ કરી હતી.અદાલતમાં કેસ ચાલવા પર આવતા સરકારી વકીલ ધવલ મહેતાએ ૨૦ સાક્ષી તપાસી ૨૬ દસ્તાવેજી પુરાવા રજૂ કરતા દલીલ કરી હતી કે, જાહેરમાં ૧૮ વર્ષના આશાસ્પદ યુવકની નિર્મમ હત્યા કરવાનો ગુનો સાબિત થયો છે. સમાજમાં દાખલો બેસાડવા અને આવા ગુના અટકાવવા માટે આ કેસ 'રેરેસ્ટ ઓફ રેર' શ્રેણીમાં આવતો હોઈ આરોપીઓને ફાંસીની સજા ફટકારવી જોઈએ. બંને પક્ષોની દલીલો સાંભળ્યા બાદ અધિક સત્ર ન્યાયાધીશ પરિમલ પટેલે ચુકાદામાં મહત્વપૂર્ણ અવલોકન કર્યું હતું કે, આરોપીઓ દ્વારા આચરવામાં આવેલા ગુના અંગેની મહત્તમ સજા દેહાંત દંડ (ફાંસી)ની છે, પરંતુ આવા ગુના સમાજમાં જવલ્લે જ બનતા ગુના નથી. વર્તમાન સમયમાં આવા લૂંટ અને હત્યાના ગુના અગણિત સંખ્યામાં જોવા મળી રહ્યા છે. જેથી આ કેસને 'રેરેસ્ટ ઓફ રેર' શ્રેણીમાં ન ગણતા, ન્યાયના હિતમાં આરોપીઓને ફાંસીના બદલે આજીવન કેદની સજા ફટકારવી ન્યાયોચિત જણાય છે. કોર્ટે બંને ભાઈઓને જેલના સળિયા પાછળ ધકેલી દેતો હુકમ કર્યો છે.


### ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ

માર્કેટયાર્ડ ખેડ-તસીયા રોડ હિંમતનગર ફોન :

ભાવ ૨૦ કીલો મુજબ - તારીખ મુજબ આવક માલ ભાવ - સોમવાર, ૨૦/૦૭/૨૦૨૬

| અં.નં. | આઇટમ વિગત | આવક | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|---|
| ૧ | મગફળી | ૩૦ | ૧,૪૫૦.૦૦ | ૧,૫૬૦.૦૦ |
| ૨ | એરંડા | ૧૫ | ૧,૪૧૦.૦૦ | ૧,૪૨૦.૦૦ |
| ૩ | ઘઉં | ૨૪૮ | ૫૧૮.૦૦ | ૫૫૪.૦૦ |
| ૪ | બાજરી | ૧૩ | ૪૮૦.૦૦ | ૪૯૦.૦૦ |
| ૫ | મકાઇ | ૩૯ | ૪૮૫.૦૦ | ૫૩૯.૦૦ |

મુનિમજી સોફ્ટવેર


### કિડની અને હૃદયના કેન્સરની અતિ જટિલ સર્જરી સફળ: ૫૦ વર્ષીય હંસાબેનને મળ્યું નવું જીવન

## ડૉક્ટર્સ ભગવાનનું રૂપ કેમ છે? અમદાવાદ સિવિલ અને યુ.એન. મહેતા હોસ્પિટલના તબીબોએ ૮ કલાક ઓપરેશન કરી જીવલેણ કેન્સર હરાવ્યું!

અમદાવાદની સિવિલ હોસ્પિટલ અને યુ.એન. મહેતા ઈન્સ્ટિટ્યૂટ ઓફ કાર્ડિયોલોજી એન્ડ રિસર્ચ સેન્ટરના નિષ્ણાત તબીબોની સંયુક્ત ટીમે તબીબી જગતમાં એક નવો ઈતિહાસ રચ્યો છે. એક અત્યંત જટિલ અને પડકારજનક કિસ્સામાં, ૫૦ વર્ષીય મહિલા દર્દી હંસાબેનના કિડનીના કેન્સરની ગાંઠ સાથે હૃદયના જમણા કર્ણક (Right Atrium) સુધી ફેલાયેલા અત્યંત જોખમી 'ટ્યુમર થ્રોમ્બસ' એટલે કે લોહીના જામી ગયેલા ગઠ્ઠાને સફળતાપૂર્વક દૂર કરવામાં આવ્યો છે. આશરે ૮ કલાક સુધી ચાલેલી ભારે જહેમત અને અત્યંત જટિલ સર્જરી બાદ તબીબોની ટીમે આ ગઠ્ઠાને સંપૂર્ણપણે બહાર કાઢીને મહિલાને નવું જીવન આપવામાં સફળતા મેળવી છે. બંને હોસ્પિટલોના તબીબોના અદ્ભુત સમન્વય અને તબીબી કૌશલ્યના કારણે સર્જાયેલી આ સફળતાની ચારેય તરફ પ્રશંસા થઈ રહી છે.

સામાન્ય રીતે ખાનગી હોસ્પિટલોમાં આ પ્રકારની અત્યંત જટિલ સર્જરી, આઈ.સી.યુ. (ICU) કેર, કાર્ડિયોપલ્મોનરી બાયપાસ અને લોહી ચડાવવા સહિતનો કુલ ખર્ચ અંદાજે રૂ.૮ થી ૧૫ લાખ કે તેથી વધુ થતો હોય છે, જે મધ્યમ કે ગરીબ વર્ગના પરિવારો માટે અસહ્ય બની જાય છે. જોકે, અમદાવાદ સિવિલ હોસ્પિટલ કેમ્પસમાં રાજ્ય સરકારની લોકકલ્યાણકારી આરોગ્ય યોજનાઓના માધ્યમથી આ સંપૂર્ણ સારવાર દર્દીને વિનામૂલ્યે પૂરી પાડવામાં આવી છે. સામાન્ય નાગરિકો માટે આટલી મોંઘી સારવાર તદ્દન નિઃશુલ્ક ઉપલબ્ધ કરાવીને સિવિલ અને યુ.એન. મહેતા હોસ્પિટલના તબીબોએ માનવતાનું એક ઉત્કૃષ્ટ ઉદાહરણ પૂરું પાડ્યું છે. દર્દી હંસાબેનની તબીબી તપાસ દરમિયાન તેઓને ડાબી કિડનીમાં 'રીનલ સેલ કાર્સિનોમા' (Renal Cell Carcinoma) એટલે કે કિડનીનું કેન્સર હોવાનું નિદાન થયું હતું. જોકે, તબીબો માટે આશ્ચર્ય અને ચિંતાની વાત એ હતી કે આ કેન્સર માત્ર કિડની પૂરતું મર્યાદિત નહોતું. કેન્સરમાંથી ઉદ્ભવેલો 'ટ્યુમર થ્રોમ્બસ' (લોહીનો ગઠ્ઠો) કિડનીની રીનલ વેઈન (મુખ્ય નસ) મારફતે શરીરના નીચલા ભાગમાંથી અશુદ્ધ લોહી હૃદય સુધી પહોંચાડતી મુખ્ય શીરા 'ઇન્ફિરિયર વેના કાવા' (IVC) માં ફેલાઈ ગયો હતો અને ત્યાંથી આગળ વધીને સીધો હૃદયના જમણા કર્ણક (Right Atrium) સુધી પહોંચી ગયો હતો. તબીબી વિજ્ઞાનમાં આ પ્રકારના કેસ અત્યંત જીવલેણ અને દુર્લભ - માત્ર ૧ ટકા દર્દીઓમાં જ જોવા મળતા ગણાય છે, જેમાં દર્દીનો જીવ બચાવવો એ તબીબો માટે એક મોટો પડકાર હોય છે. તમામ રિપોર્ટ્સ અને વિવિધ વિભાગોના તબીબોના સઘન આયોજન-મલ્ટીડિસિપ્લિનરી પ્લાનિંગ બાદ, સિવિલ હોસ્પિટલના યુરોલોજી વિભાગ અને યુ.એન. મહેતા હોસ્પિટલના કાર્ડિયાક સર્જરી (CTVS) વિભાગની સંયુક્ત ટીમે સતત ૮ કલાક સુધી આ ઓપરેશન ચલાવ્યું હતું. આ અત્યંત જટિલ સર્જરીમાં કિડનીની ગાંઠ કાઢવાની સાથે હૃદય અને મુખ્ય નસમાંથી ગઠ્ઠો દૂર કરવા માટે 'કાર્ડિયોપલ્મોનરી બાયપાસ'-હૃદય-ફેફસાંનું મશીન અને શરીરનું તાપમાન નીચું લાવી લોહીનું પરિભ્રમણ થોડીવાર માટે અટકાવતી 'હાયપોથર્મિક સર્ક્યુલેટરી અરેસ્ટ' જેવી વિશ્વસ્તરીય લાઈફ-સપોર્ટ તકનીકોનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. સર્જરી દરમિયાન તબીબો સામે અનેક મોટા પડકારો હતા, જેમાં ઓપરેશન વખતે થતો ભારે રક્તસ્રાવ અટકાવવો, કેન્સરનો ગઠ્ઠો હૃદયમાંથી છૂટો પડીને ફેફસાં કે મગજની નસોમાં ફસાઈ જવાનું - એમ્બોલિઝમ જીવલેણ જોખમ ટાળવું અને દર્દીના બ્લડપ્રેશર સહિતના અન્ય માપદંડો સ્થિર રાખવા સામેલ હતા. જોકે, તબીબોની કુશળતાના કારણે આ પડકારો પાર પાડી શકાયા હતા. સર્જરીના બીજા જ દિવસે દર્દી હંસાબેનને વેન્ટિલેટર સપોર્ટમાંથી સફળતાપૂર્વક બહાર લાવવામાં આવ્યા છે અને હાલ તેમની તબિયતમાં ઝડપી સુધારો થઈ રહ્યો છે. આ ઐતિહાસિક અને સફળ સર્જરી કરવા બદલ રાજ્યના આરોગ્ય મંત્રી શ્રી પ્રફુલ પાનશેરીયાએ તબીબોની સંયુક્ત ટીમને ખાસ અભિનંદન પાઠવ્યા હતા. જેમાં સિવિલ હોસ્પિટલના યુરોલોજી વિભાગના વડા ડૉ. શ્રેણિક શાહ, ડૉ. ધવલ દેસાઈ, ડૉ. નીરવ અગ્રવાલ, ડૉ. આકાશ ફૌઝદાર અને ડૉ. દર્શન પટેલ તેમજ યુ.એન. મહેતા હોસ્પિટલના ડાયરેક્ટર ડૉ. ચિરાગ દોશી, CTVS વિભાગના ડૉ. જીગ્નેશ કોઠારી અને ડૉ. આકાશ શાહની પ્રશંસનીય કામગીરીને તેઓએ બિરદાવી હતી.

આ પ્રસંગે આરોગ્ય મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શન હેઠળ અમદાવાદ સિવિલ મેડિસિટી કેમ્પસમાં આજે ગરીબમાં ગરીબ દર્દીઓને પણ ખાનગી હોસ્પિટલો જેવી જ અત્યાધુનિક અને અતિ જટિલ સારવાર સંપૂર્ણ નિ:શુલ્ક અથવા ખૂબ જ નજીવા ખર્ચે ઉપલબ્ધ બની રહી છે. આ સફળ સર્જરી એ આપણી દર્દી-કેન્દ્રિત સેવાઓ, આધુનિક ટેકનોલોજી અને બે મોટી સંસ્થાઓ વચ્ચેના ઉત્તમ સંકલનનું જીવંત ઉદાહરણ પૂરું પાડ્યું છે. અમારો મક્કમ સંકલ્પ છે કે, નબળી આર્થિક પરિસ્થિતિના કારણે રાજ્યનો કોઈ પણ જરૂરિયાતમંદ દર્દી ઉચ્ચ કક્ષાની સારવારથી વંચિત ન રહે તેમ મંત્રીશ્રીએ વધુમાં જણાવ્યું હતું

આ ઐતિહાસિક સફળતા અંગે અમદાવાદ સિવિલ હોસ્પિટલના સુપ્રિટેન્ડેન્ટ ડૉ. રાકેશ જોશીએ જણાવ્યું હતું કે, આ સફળ સર્જરી એ અમદાવાદ સિવિલ હોસ્પિટલ અને યુ.એન. મહેતા ઈન્સ્ટિટ્યૂટ વચ્ચેના ઉત્તમ સંકલન તેમજ 'મલ્ટિડિસિપ્લિનરી' -વિવિધ વિભાગોના સંયુક્ત અભિગમનું એક શ્રેષ્ઠ ઉદાહરણ છે. બે મોટી સરકારી સંસ્થાઓના નિષ્ણાતો જ્યારે આ રીતે સાથે મળીને કામ કરે છે, ત્યારે જ તબીબી ક્ષેત્રે આવા ચમત્કારો શક્ય બને છે. આ મજબૂત સંકલનને કારણે જ આજે અત્યંત જટિલ કેન્સર પીડિત દર્દીઓને નવું જીવન અને આશાનું એક નવું કિરણ મળી રહ્યું છે. આ જટિલ સર્જરી અંગે સિવિલ હોસ્પિટલના યુરોલોજી વિભાગના વડા ડો. શ્રેણિક શાહે કેસની ગંભીરતા સમજાવતા જણાવ્યું હતું કે, "રીનલ સેલ કાર્સિનોમા (કિડનીના કેન્સર) ના દર્દીઓમાં 'વેનસ ટ્યુમર થ્રોમ્બસ' (નસોમાં લોહીનો ગઠ્ઠો જામવો) જોવા મળવાની શક્યતા માત્ર ૪ થી ૧૦ ટકા જ હોય છે, અને આ ગઠ્ઠો છેક હૃદય સુધી પહોંચી ગયો હોય તેવા કિસ્સા તો માત્ર ૧ ટકો જ નોંધાય છે. જો કેન્સર શરીરના અન્ય અંગોમાં ન ફેલાયું હોય (Non-metastatic) અને સમયસર આ પ્રકારની સંપૂર્ણ સર્જરી કરીને ગઠ્ઠાને દૂર કરવામાં આવે, તો દર્દીને લાંબા ગાળાનું તંદુરસ્ત અને સ્વસ્થ જીવન મળી શકે છે.

- પ્રિન્સ ચાવલા

## ગુજરાતમાં જૈશ-એ-મહંમદનું મોડ્યૂલ ઝડપાતાં રાજ્યભરની એસઓજી એલર્ટ

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

ગુજરાતમાં આતંકવાદી સંગઠન જૈશ-એ-મહંમદ માટે કામ કરતા ૧૩ આતંકવાદીને ગુજરાત એટીએસ દ્વારા ઝડપી લેવાયા છે. તેમના ગુજરાત તેમજ અન્ય રાજ્યોમાં પણ કનેક્શન હોવાની વિગતો ખૂલતા દેશભરની એજન્સીઓ આ કેસની તપાસમાં લાગી ગઈ છે. હાલ ગુજરાત પોલીસે પણ પકડાયેલા આતંકવાદીઓની પૂછપરછ કરીને વધુ જાણકારી મેળવવાની કવાયત આદરી છે. ગુજરાતના તમામ જિલ્લાઓની એસઓજી સર્ચની કામગીરીમાં લાગી ગઈ છે. આતંકવાદીઓના મોબાઈલ ફોનમાંથી મળેલી વિગતોની પણ તપાસ ચાલી રહી છે. જ્યારે અમદાવાદથી ઝડપાયેલા આતંકવાદીના સંપર્કમાં આવેલા લોકોની પણ પોલીસે તપાસ શરૂ કરી છે. તપાસમાં ઘણી મહત્વની વિગતો સામે આવે તેવી શક્યતા છે.સોશિયલ મીડિયાના વિવિધ પ્લેટફોર્મ પર દેશવિરોધી માનસિકતા ધરાવતા લોકોને ટાર્ગેટ કરીને તેમને આતંકવાદી મૌલાના અઝહર મસૂદના વીડિયો મોકલવામાં આવતા હતા. જે યુવાનો તેમની વાતોમાં આવી જતા હતા, તેમનું બ્રેનવોશ કરીને તેમને આતંકવાદી સંગઠનમાં જોડવામાં આવતા હતા.

આ આતંકવાદીઓ પાકિસ્તાની આતંકવાદીઓના સંપર્કમાં હતા. તેમણે જુદા જુદા વિસ્તારોમાં બોમ્બ બ્લાસ્ટ કરવા માટે બોમ્બ બનાવવાની પ્રેક્ટિસ અને ટેસ્ટિંગ પણ કર્યા હતા. કાશ્મીર જઈને તેઓ હથિયાર ચલાવવાની તાલીમ પણ લઈને આવ્યા હતા. આ આતંકવાદીઓ જે મદરેસામાં રહેતા હતા ત્યાં પણ સર્ચ ચાલી રહ્યું છે. આતંકવાદીઓના ભરૂચ, અંકલેશ્વર, સુરત, મોડાસા, પાટણ, પાલનપુર, કલોલ તથા અમદાવાદમાં કનેક્શન મળી આવ્યા છે. જેને પગલે તમામ જિલ્લાઓની એસઓજી દ્વારા તપાસ શરૂ કરવામાં આવી છે. અમદાવાદથી ઝડપાયેલા આતંકવાદી કોના સંપર્કમાં હતો તેની તપાસ દરમિયાન પોલીસે આતંકવાદ સાથે સંકળાયેલા ઘણા લોકોને ઓળખી કાઢ્યા છે અને તેમની પૂછપરછ શરૂ કરી છે.

### નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીની ઉપસ્થિતિમાં ભરૂચના દહેજ ખાતે રૂ.૨૧૫૩ કરોડના ડ્રગ્સનો નાશ કરાયો

## ગુજરાત પોલીસે ડ્રગ્સ માફિયાઓ અને કાર્ટેલ સામે મજબૂત કાર્યવાહી કરીને આંતરરાષ્ટ્રીય ડ્રગ્સ સ્મગલિંગ નેટવર્કની કમર તોડી નાખી છેઃ શ્રી હર્ષ સંઘવી

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના 'નશા-મુક્ત ગુજરાત'ના સંકલ્પને વધુ દ્રઢ બનાવવાના ભાગરૂપે, રાજ્યના નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવી ભરૂચના દહેજ ખાતે 'એન્વાયરો ઈન્ફ્રાસ્ટ્રક્ચર લિમિટેડ' દ્વારા આયોજિત ડ્રગ્સ નાબૂદી કાર્યક્રમમાં વિશેષ ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમ દરમિયાન નાયબ મુખ્યમંત્રીશ્રી તથા ડ્રગ્સ નિકાલ કમિટીના સભ્યોએ ડ્રગ્સના જથ્થાનું પ્રત્યક્ષ નિરીક્ષણ કરી વિગતો મેળવી હતી. કેન્દ્રીય ગૃહમંત્રી શ્રી અમિત શાહના 'ડ્રગ્સ-ફ્રી ઈન્ડિયા'ના આહ્વાન અને 'ઝીરો ટોલરન્સ'ની નીતિ અંતર્ગત વૈજ્ઞાનિક પદ્ધતિથી આ તમામ નાર્કોટિક્સ જથ્થાનો બિનહાનિકારક નાશ કરવામાં આવ્યો હતો. આ જ સ્થળેથી નાયબ મુખ્યમંત્રીશ્રીએ લાકડીયા (ભચાઉ) ખાતે યોજાયેલા નાર્કોટિક્સ જથ્થાના નાશ કાર્યક્રમનો પણ ઓનલાઈન પ્રારંભ કરાવ્યો હતો.

આ કાર્યક્રમમાં રાજ્યના ૨૪ એકમો દ્વારા કુલ ૮૬૭ ગુનાઓમાં જપ્ત કરવામાં આવેલ રૂ.૨૧૫૩ કરોડની કિંમતનો નાર્કોટિક્સ જથ્થો (૧૩,૨૪૯.૧૨૭ કિલોગ્રામ ડ્રગ્સ અને ૫,૭૧,૦૨૮ બોટલો) નાશ કરવામાં આવ્યો હતો.

આ કાર્યવાહીમાં ભરૂચ, નર્મદા, સુરત ગ્રામ્ય, સુરત શહેર, નવસારી, તાપી-વ્યારા, દાહોદ, છોટાઉદેપુર, પંચમહાલ, ડાંગ-આહવા, વલસાડ, વડોદરા ગ્રામ્ય, વડોદરા શહેર, આણંદ, ખેડા-નડિયાદ, પશ્ચિમ રેલવે (વડોદરા અને અમદાવાદ), અમદાવાદ ગ્રામ્ય, અમદાવાદ શહેર, ગાંધીનગર, મહેસાણા, સાબરકાંઠા સહિત સી.આઈ.ડી. ક્રાઈમ (CID Crime) અને એ.ટી.એસ. (ATS) ની ટીમની કામગીરી આવરી લેવાઈ હતી. ત્યારબાદ GACL કંપની (દહેજ) ખાતે એન.ડી.પી.એસ. (NDPS) હેન્ડબુકના વિમોચનનો આયોજિત કાર્યક્રમ યોજાયો હતો. ગુજરાત પોલીસની એન્ટી નાર્કોટિક્સ ટાસ્ક ફોર્સ દ્વારા તૈયાર કરાયેલી આ હેન્ડબુકનો મુખ્ય હેતુ તપાસ અધિકારીઓને સુદ્રઢ માર્ગદર્શન પૂરું પાડવાનો અને કાયદાનું કડક અમલીકરણ કરવાનો છે.

આ ઉપરાંત, પોલીસ વિભાગ દ્વારા તૈયાર કરાયેલા 'ડ્રગ મુક્ત ગુજરાત' જાગૃતિ વીડિયો અને વ્યસનમુક્ત થયેલા પીડિતોના પ્રતિભાવો દર્શાવતી લઘુફિલ્મ તથા વિશેષ પ્રેઝન્ટેશન રજૂ કરવામાં આવ્યા હતા.

પોલીસ વિભાગને અભિનંદન આપતાં નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીએ જણાવ્યું હતું કે, આજના સમયમાં સમાજનું સૌથી મોટું દૂષણ ડ્રગ્સ છે. આ દૂષણ સામે ગુજરાત પોલીસ જે પ્રકારે જંગ લડી રહી છે તે ખરેખર વંદનીય છે. દરિયાના તેજ મોજાંઓ વચ્ચે, ભારત-પાકિસ્તાનની સરહદો પર અને અન્ય રાજ્યોમાં ફેલાયેલી ગુનેગારોની 'મોડસ ઓપરેન્ડી' તોડવામાં ગુજરાત પોલીસે અભૂતપૂર્વ સફળતા મેળવી છે. ગુજરાત પોલીસે ડ્રગ્સ માફિયાઓ અને કાર્ટેલ સામે મજબૂત કાર્યવાહી કરીને આંતરરાષ્ટ્રીય ડ્રગ્સ સ્મગલિંગ નેટવર્કની કમર તોડી નાખી છે. છેલ્લા દોઢ વર્ષથી આ અભિયાનને એક જંગની જેમ લડીને હજારો કરોડ રૂપિયાનું ડ્રગ્સ પકડવામાં આવ્યું છે.

તેમણે ઉમેર્યું કે, ગુજરાતમાં ડ્રગ્સ સંબંધિત કેસોમાં કન્વિક્શન રેશિયો ૯૫% ની આસપાસ છે, જે કાયદાકીય મજબૂતાઈ દર્શાવે છે. આગામી દિવસોમાં ડ્રગ્સના નેટવર્ક સાથે જોડાયેલા લોકો સામે કોઈ પણ કાયદાકીય છટકબારી ન રહે તે રીતે કડકમાં કડક પગલાં લેવામાં આવશે.

પોલીસના માનવીય અભિગમની પ્રશંસા કરતા તેમણે જણાવ્યું કે, ડ્રગ્સ વેચનારાઓ પકડાય ત્યારે તેમની પાસેથી મળતી માહિતીના આધારે આ દૂષણમાં ફસાયેલા યુવાનો અને તેમના પરિવારજનોનું કાઉન્સેલિંગ કરી તેમને સાચી દિશા આપવાનું સરાહનીય કાર્ય પણ પોલીસ કરી રહી છે.

નાયબ મુખ્યમંત્રીશ્રીએ રાજ્યના નાગરિકો અને સામાજિક સંસ્થાઓને અપીલ કરતા કહ્યું કે, પોલીસની કડક કાર્યવાહીની સાથે સાથે જ્યારે સમગ્ર સમાજ અને નાગરિકો આ લડતમાં જોડાશે, ત્યારે જ 'ડ્રગ્સ મુક્ત ગુજરાત'નો સંકલ્પ સંપૂર્ણપણે સાકાર થશે. રાજ્ય સરકારની ' ડ્રગ્સ રિવૉર્ડ પૉલિસી' હેઠળ, જુદા જુદા ૨૧ મોટા કેસોમાં ઉત્કૃષ્ટ કામગીરી કરનાર ૨૭૮ પોલીસ જવાનોને રૂા.૫૯.૪૨ લાખની ઈનામી રકમ એનાયત કરી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

આ પ્રસંગે જિલ્લા પંચાયત પ્રમુખ શ્રીમતી ડિમ્પલબેન રાજ, ધારાસભ્યો સવશ્રી અરૂણસિંહ રણા, રમેશ મિસ્ત્રી, રીતેશ વસાવા, ડી. કે. સ્વામી, રાજ્યના પોલીસ વડા શ્રી જી. એસ. મલિક, CID ક્રાઈમના ડો. કે. એલ. રાવ, વડોદરા રેન્જ IG સંદીપ સિંહ, CID ક્રાઈમના IGP ગૌતમ પરમાર, જિલ્લા કલેક્ટર ડૉ. નવનાથ ગવ્હાણે, DDO શ્રી યોગેશ કાપસે સહિત પોલીસ વિભાગ, વહીવટી તંત્ર અને GACL કંપનીના ઉચ્ચ અધિકારીઓ હાજર રહ્યા હતા.

### મૂળ મધ્યપ્રદેશના જાબુંઆ જિલ્લાના મોટીમારડ ગામમાં

## પ્રેમિકાને તેના પતિ સાથે જોઇ જતાં રોષે ભરાયેલા પ્રેમિએ બંનેને પતાવી દીધાં

(સંપૂર્ણ સમાચાર સેવા)રાજકોટ

મૂળ મધ્યપ્રદેશના જાબુંઆ જિલ્લાના વતની રોહીત ચૌહાણ અને તેની પત્ની દુર્ગાની પાંચેક દિવસ પહેલાં પાટણવાવના મોટીમારડ ગામની સીમમાં વાડીમાં થયેલી રહસ્યમય હત્યાનો ભેદ એલસીબીએ ઉકેલી લઇ દાહોદના સિંગવડ તાલુકાના સુરેશ કમલેશ બારીયા (ઉ.વ.૧૮)ની ધરપકડ કરી છે. સુરેશને ત્રણેક વર્ષથી દુર્ગા સાથે પ્રેમસંબંધ હતો. પણ બંનેના લગ્ન શક્ય બન્યા ન હતા. બનાવના દિવસે સુરેશ પ્રેમિકા દુર્ગાને તેના પતિ રોહીત સાથે જોઇ જતાં રોષે ભરાયો હતો. રાત્રે મોકો મળતાં જ તેણે બંનેને નિંદ્રાધીન અવસ્થામાં જ પાઇપના ઘા ઝીંકી મોતને ઘાટ ઉતારી દીધા હતા.પ્રાપ્ત માહિતી મુજબ રોહીત અને દુર્ગાના બે માસ પહેલા જ લગ્ન થયા હતા. રોહીતના પિતા મથુરાભાઇ વર્ષોથી કાલાવડ તાલુકાના બાવા ખાખરીયા ગામે શૈલેષભાઇ પટેલની વાડી વાવે છે. થોડા દિવસો પહેલાં જ રોહીત પત્ની દુર્ગાને લઇ પિતાની વાડીએ રહેવા આવ્યો હતો. દુર્ગાના પિતા મોટીમારડ ગામની સીમમાં રમેશભાઇ ભુતના ખેતરમાં ભાગીયા તરીકે કામ કરે છે. તેને કોઇ કામ અર્થે મધ્યપ્રદેશ જવાનું થયું હતું. જેથી તેણે જમાઇ રોહીત અને પુત્રી દુર્ગાને થોડા દિવસ પોતાની વાડીની દેખભાળ માટે બોલાવતા બંને ગઇ તા.૧૧ના રોજ ત્યાં આવ્યા હતા.મોટીમારડમાં વાડી માલિક રમેશભાઇની બાજુમાં જ બીજી વાડી આવેલી છે. જ્યાં ભાગીયા તરીકે કામ કરતાં કરણે હાલ રોહીત જે વાડીની દેખભાળ કરતો હતો ત્યાં દવાના છંટકાવ માટે આરોપી સુરેશને બોલાવ્યો હતો. સુરેશ વાડીએ પહોંચતા જ પૂર્વ પ્રેમિકા દુર્ગાને તેના પતિ રોહીત સાથે જોઇ રોષે ભરાયો હતો. તે વખતે જ તેણે બંનેને પતાવી દેવાનું મનોમન નક્કી કર્યુ હતું. તેણે રોહીતે અને બીજા ભાગીયાએ મળી વાડીમાં દવાનો છંટકાવ કર્યો હતો.ત્યારબાદ સુરેશ ત્યાંથી જતો રહ્યો હતો. રાત્રિના બારેક વાગ્યાની આસપાસ રોહીત અને તેની પત્ની દુર્ગા જ્યારે વાડીના કુવાની બાજુમાં ખુલ્લામાં સુતા હતા ત્યારે ત્યાં ધસી જઇ સુરેશે બંનેને નિંદ્રાધીન અવસ્થામાં જ પાઇપના આડેધડ બેરહેમીથી ઘા ઝીંકી પતાવી દીધા હતા. આ રીતે ડબલ મર્ડર કરી વાડીએ ભાગી ગયો હતો.પાટણવાવ પોલીસ સાથે તપાસમાં એલસીબી, એસઓજીની ટીમો પણ જોડાઇ હતી. વાડી વિસ્તારમાં બનાવ બન્યો હોવાથી ત્યાં સીસીટીવી કેમેરાના અભાવે પોલીસનું કામ મુશ્કેલ બન્યું હતું. એલસીબી પીઆઇ જે.પી.રાવે અન્ય શકમંદો સાથે સુરેશની પણ ઘનિષ્ઠ પુછપરછ કરી હતી. આખરે તેણે ગુનો કબૂલી લેતા તેની ધરપકડ કરી હતી.રાજકોટ રૂરલ એસપી વિજયસિંહ ગુર્જરે જણાવ્યું કે, આરોપી સુરેશ અને દુર્ગાના પ્રેમસંબંધ અંગે દુર્ગાના પરિવારજનો વાકેફ હતા. બંને વચ્ચે લગ્નની વાત પણ ચાલી હતી. પરંતુ દુર્ગાએ પોતાનો પરિવાર કહે ત્યાં જ લગ્ન કરવાની વાત કરી હતી. આ રીતે બંનેના લગ્ન શક્ય બન્યા ન હતા. દુર્ગાએ બે માસ પહેલા જ રોહીત સાથે લગ્ન કર્યા હતા.

## સરદારનગરમાં આર્મી જવાનના બંધ મકાનમાંથી ૧.૭૧ લાખની મતા ચોરાઈ

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

સરદારનગર વિસ્તારમાં ધોળા દિવસે ચોરીની એક ચોંકાવનારી ઘટના બની છે. ચંદીગઢમાં ભારતીય આર્મીમાં ફરજ બજાવતા જવાનના ભાડાના મકાનને નિશાન બનાવી તસ્કરો લોકરની ચાવી વડે જ તાળું ખોલીને રૂ. ૧.૭૧ લાખની કિંમતના સોના અને ચાંદીના ઘરેણાં ચોરી ગયા છે. આ મામલે સરદારનગર પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ છે. મૂળ ઉત્તર પ્રદેશના ફતેપુર જિલ્લાના વતની અને હાલ ભારતીય આર્મીમાં ચંદીગઢ ખાતે ત્રણ વર્ષથી ફરજ બજાવતા ૩૨ વર્ષીય આર્મી જવાન નિમેષ પ્રેમનારાયણ જોષી છેલ્લા બે મહિનાથી અમદાવાદના નોબલનગર, સરદારનગર ખાતે આવેલી ઘનશ્યામનગર સોસાયટીના મકાન નંબર સી-૧૧૦માં પત્ની નીલુદેવી અને બે દીકરીઓ સાથે ભાડેથી રહે છે. ગત શુક્રવારેના રોજ તેમની ૭ વર્ષની મોટી દીકરી પ્રિયાંશી ન્યૂ શાહીબાગ ખાતે આવેલી અમૃતમ સ્કૂલમાં ગઈ હતી. સ્કૂલમાં પેરેન્ટ્સ મીટિંગ હોવાના કારણે બપોરે ૧૨ વાગ્યે આર્મી જવાન નિમેષભાઈ અને તેમની પત્ની ઘરના મુખ્ય દરવાજાને લોક મારીને મોટરસાયકલ પર દીકરીની સ્કૂલે ગયા હતા. જો કે, ઉતાવળમાં તેઓ ઘરની અંદરની લોખંડની જાળીનો ભીડો બંધ કરીને ગયા હતા પરંતુ તેના પર તાળું મારવાનું ભૂલી ગયા હતા. બપોરે આશરે ૧:૧૫ વાગ્યે દંપતી પરત આવ્યું ત્યારે ઘરનો મુખ્ય દરવાજો ખોલીને અંદર પ્રવેશ્યા બાદ તેઓ સોના-ચાંદીના ઘરેણાં કાલુપુર બેંકના નરોડા બ્રાન્ચના લોકરમાં મૂકવા જવાની તૈયારી કરી રહ્યા હતા. આ દરમિયાન ઘરમાં રહેલી લોખંડની તિજોરીનું લોકર ખોલીને જોતા દંપતીના હોશ ઊડી ગયા હતા. લોકરની અંદર રાખેલા તમામ સોના અને ચાંદીના દાગીના ગાયબ હતા. ચોંકાવનારી વાત એ છે કે તિજોરીનું લોકર સહી-સલામત હતું અને લોકરની ચાવી તેની ઉપર જ મૂકેલી હોવાથી ચોર ઈસમ ઘરમાં ગુપ્ત પ્રવેશ કરી કોઈ પણ જાતની તોડફોડ વગર સરળતાથી ચોરી ગયો હતો. જો કે, તસ્કરોએ લોકરમાં રાખેલું જવાનનું આર્મી ઓળખપત્ર (આઈડી કાર્ડ) તિજોરીમાં જ છોડી દીધું હતું. જ્યારે ૧,૭૧,૦૫૦ સોના ચાંદીના દાગીનાની ચોરી કરી તસ્કરો પલાયન થઇ ગયા હતા. આ બનાવ અંગે આર્મી જવાન નિમેષ જોષી દ્વારા સરદારનગર પોલીસ મથકમાં ચોર વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે.


ગરવી ગુજરાત




- એક શુભેચ્છક


PRGI NO. GUJGUJ/2008/26148 Printed, Published & Owned by AJAYKUMAR RAMANLAL PRAJAPATI and Printed By (1) JIGNESH RASHIKBHAI GAJJAR at Vansh Corporation, A/8, Shayona Golden Estate, Shahibag, Ahmedabad - 380 004
(2) DESAI RAHUL MAHESHBHAI at Bhavani Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002. (3) HADIK MAHESHBHAI DESAI at Bhoomi Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002
and Published from TF-01, Nanakram Super Market, Ramnagar, Sabarmati, Ahmedabad - 380 005. Editor : AJAYKUMAR RAMANLAL PRAJAPATI
Rage.Office: TF-01, Nanakram Super Market, Ramnagar, Sabarmati, Ahmedabad - 380 005 Gujarat,India. Phone : (O) 9016333307(M)9328333307,9825333307
Email : garvigujarat2007@gmail.com • garvigujarat2007@yahoo.com • Website : www.garvigujarat.co.in

# અમદાવાદ ફટાકડા ફેકટરી બ્લાસ્ટ કેસ : ત્રણેય આરોપીઓના ૨૭ જુલાઈ સુધી રીમાન્ડ મંજુર

પ્રતિનિધિ,ગાંધીનગર

મહેમુદપુરા વિસ્તારમાં આવેલી ન્યુ ગુજરાત ફાયર વર્કસ ફટાકડા ફેકટરીમાં થયેલા ભયાનક બ્લાસ્ટ અને આગના કેસમાં ધરપકડ કરાયેલા આરોપીઓને મેટ્રોપોલિટન મેજીસ્ટ્રેટ સમક્ષ રજુ કરવામાં આવ્યા હતા. કેસની વધુ તપાસ માટે એસઆઈટી દ્વારા ૧૪ દિવસના પોલીસ રીમાન્ડની માંગ કરવામાં આવી હતી. જો કે કોર્ટે ત્રણેય આરોપી મેહુલ ડોડીયા, સાદીક સૈયદ અને રમીલા ડોડીયાના ૨૭ જુલાઈ સુધીના રીમાન્ડ મંજુર કર્યા છે.



આ કેસમાં ન્યુ ગુજરાત ફાયર વર્કસના સંચાલક મેહુલ ડોડીયા, તેમની માતા રમીલા ડોડીયા અને ભાગીદાર સાદીક સૈયદની પોલીસે ધરપકડ કરી છે. જો કે મહિલા આરોપી રમીલા ડોડીયાની તબિયત બગડતા તેમને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. હોસ્પિટલમાંથી ડિસ્ચાર્જ બાદ રમીલા ડોડીયાને કોર્ટમાં રજુ કરવામાં આવતા કોર્ટે ૨૭ જુલાઈ સુધીના રીમાન્ડ મંજુર કર્યા છે. સરકારી વકીલ ભરત આર બારોટે કોર્ટમાં રીમાન્ડ માટે મહત્વના કારણો રજુ કરતા દલીલ કરી હતી કે આરોપીઓને સાથે રાખીને બનાવ સ્થળનુ પંચનામુ કરવુ જરૂરી છે. ઉપરાંત ફટાકડા ફેકટરીના આર્થિક અને નાણાંકીય વ્યવહારોની તપાસ, વિસ્ફોટક સામગ્રીની ખરીદ વેચાણની વિગતો, સ્ટોક રજીસ્ટર, કામદારોની યાદી અને અન્ય દસ્તાવેજો કબ્જે લેવા માટે આરોપીઓની પુછપરછ જરૂરી છે. આરોપીઓએ કોઈપણ પ્રકારના પાસ અથવા પરવાના વિના ફેકટરી ચલાવવામાં આવી રહી હતી અને આ કામ માટે અમદાવાદ મ્યુનિસીપલ કોર્પોરેશનના કોઈ અધિકારીની સંડોવણી હતી કે નહી, તેમજ આ પ્રકારની અન્ય ગેરકાયદેસર ફટાકડા ફેકટરીઓ પણ ચાલી રહી છે કે કેમ તેની તપાસ માટે આરોપીઓના રીમાન્ડ જરૂરી છે.

ઉપરાંત મેહુલ ડોડીયાના વેપાર સાથે સંકળાયેલા અન્ય સંભવિત આરોપીઓ સુધી પહોચવા અને સંયોગીક પુરાવા એકત્રિત કરવા માટે પણ પોલીસ કસ્ટડી જરૂરી હોવાનુ કોર્ટ સમક્ષ જણાવ્યુ હતું. તો બીજી તરફ બચાવ પક્ષના વકીલે દલીલ કરી હતી કે આ એક દુર્ભાગ્યપૂર્ણ અકસ્માત છે અને રીકવરી અથવા ડિસ્કવરી માટે આરોપીઓની પ્રત્યક્ષ હાજરીની કોઈ ખાસ જરૂરીયાત નથી. તેથી પોલીસ રીમાન્ડ આપવાની જરૂર નથી. બંને પક્ષોની દલીલો સાંભળ્યા બાદ મેટ્રોપોલિટન મેજીસ્ટ્રેટ ડી આર ઠાકુરની કોર્ટે મેહુલ ડોડીયા અને સાદીક સૈયદના ૨૭ જુલાઈ સુધીના પોલીસ રીમાન્ડ મંજુર કર્યા છે.

# રાજ્યમાં ચાંદીપુરા વાયરસની હાલની સ્થિતિ અને નિયંત્રણ અંગે આરોગ્ય મંત્રી શ્રી પ્રફુલ પાનશેરિયાની અધ્યક્ષતામાં મહત્વની સમીક્ષા બેઠક યોજાઈ



ગુજરાતમાં ચાંદીપુરા વાયરસ કેસની વર્તમાન પરિસ્થિતિને ધ્યાને રાખીને આરોગ્ય મંત્રી શ્રી પ્રફુલ પાનશેરિયાની અધ્યક્ષતામાં સમીક્ષા બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં રાજ્યના વિવિધ જિલ્લાઓમાં નોંધાયેલા કેસોની ભૌગોલિક સ્થિતિ, વાયરસના ફેલાવાના કારણો, લેબોરેટરી ટેસ્ટિંગ અને વહીવટી તંત્ર દ્વારા હાથ ધરવામાં આવેલા પગલાઓની ઊંડાણપૂર્વક સમીક્ષા કરવામાં આવી હતી.

રાજ્યમાં અત્યાર સુધીમાં ચાંદીપુરા વાયરસના કુલ ૬૩ શંકાસ્પદ કેસો નોંધાયા છે. જેમાંથી ૧૨ દર્દીઓના રીપોર્ટ પોઝિટિવ આવ્યા છે. જેમાંથી ૯ કેસ ગુજરાતના અને ૩ કેસ રાજસ્થાનના દર્દીઓના છે. આ ઉપરાંત કુલ ૬૩ શંકાસ્પદ કેસોના નમૂનાઓમાંથી ૫૫ ના પરીક્ષણ પરિણામો પ્રાપ્ત થઈ ચૂક્યા છે અને બાકીના ૮ નમૂનાઓનું પરીક્ષણ પરિણામ આવવાનું હજુ બાકી છે.

આરોગ્ય મંત્રીશ્રીએ વિગતો આપતા જણાવ્યું કે હાલમાં નોંધાયેલા પોઝિટિવ કેસો ગુજરાતના પંચમહાલ અને ખેડા જિલ્લામાં ૨, સાબરકાંઠા, મહેસાણા, ભરૂચ, ભાવનગર અને અમદાવાદ કોર્પોરેશન વિસ્તારમાં એક કેસ નોંધાયેલા છે.

આરોગ્ય મંત્રી શ્રી પ્રફુલ પાનશેરિયાએ બેઠકમાં જણાવ્યું હતું કે, કોઈ ચોક્કસ વિસ્તારમાંથી કેસ નોંધાયા બાદ તે પોકેટમાં સઘન દેખરેખ રાખવી અનિવાર્ય છે. મંત્રીશ્રીએ વાયરસના સંક્રમણના સ્ત્રોતને સમજવા માટે દર્દીઓની ટ્રાવેલ હિસ્ટ્રી અને કેસ હિસ્ટ્રીની ઝીણવટભરી તપાસ કરવા અધિકારીઓને સ્પષ્ટ સૂચના આપી છે.

અસરગ્રસ્ત વિસ્તારોમાં કાચા અને પાકા મકાનો સહિત હજારો ઘરોને આવરી લઈને વ્યાપક હેલ્થ સ્ક્રીનિંગ કરવામાં આવ્યું છે. આ વાયરસના વાહક ગણાતા સેન્ડફ્લાય મચ્છર અને જીવાતોના નિયંત્રણ માટે કાચા મકાનો અને પશુઓની ગમાણની આસપાસના વિસ્તારોમાં ડસ્ટીંગ યુદ્ધના ધોરણે કરવામાં આવી રહ્યો છે. તમામ જિલ્લા મથકોની સિવિલ હોસ્પિટલો અને સુપર સ્પેશિયાલિટી હોસ્પિટલોમાં બાળકો માટે આઈ.સી.યુ. બેડ, જરૂરી દવાઓ અને વેન્ટિલેટરની પૂરતી વ્યવસ્થા સુનિશ્ચિત કરવામાં આવ્યું છે. આરોગ્ય મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે સામાન્ય રીતે ચોમાસા દરમિયાન અને સપ્ટેમ્બર માસ સુધી આ વાયરસની સક્રિયતા વધુ જોવા મળતી હોય છે. આ વાયરસ મુખ્યત્વે નાના બાળકોને અસર કરતો હોવાથી, જો કોઈ બાળકમાં અચાનક તીવ્ર તાવ આવવો, ખેંચ આવવી, ઉલટી-ઝાડા થવા કે બેભાન થવા જેવા લક્ષણો જણાય તો સહેજ પણ સમય બગાડ્યા વિના તુરંત જ નજીકની સરકારી હોસ્પિટલ કે બાળરોગ નિષ્ણાતનો સંપર્ક કરવો. તંત્ર સંપૂર્ણપણે સતર્ક છે અને નાગરિકોને ભયભીત ન થતાં માત્ર સાવચેતી રાખવા મંત્રીશ્રીએ અનુરોધ કર્યો હતો.

# રાજકોટમાં રોગચાળો ફાટી નિકળ્યો : એક અઠવાડીયામાં રોગચાળાના ૨૦૫૮ કેસ નોંધાયા

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

હાલમાં ચોમાસાની ઋતુ ચાલી રહી છે. ત્યારે રાજકોટ મનપાના ચોપડે શરદી, ઉધરસ, તાવ, ઝાડા ઉલ્ટી અને ટાઈફોઈડ જેવા તાવના મળી કુલ ૨૦૫૮ જેટલા કેસો નોંધાયા છે.



ખાસ કરીને છેલ્લા એક અઠવાડીયા દરમિયાન ટાઈફોઈડ તાવના ૩ અને શરદી ઉધરસના ૮૭૮ તથા સામાન્ય તાવના ૮૩૯ તેમજ ઝાડા ઉલ્ટી ના ૩૩૮ કેસો નોંધાયા છે. ઉપરાંત પાણીજન્ય રોગ અટકાયતી પગલાના ભાગરૂપે ૨૬૪૧ કલોરીન ટેસ્ટ પણ કરવામાં આવેલ છે. જયારે રાજકોટ મહાનગરપાલિકાના આરોગ્યતંત્ર દ્વારા ડેન્ગ્યુ, મેલેરીયા, ચીકુનગુનીયા વગેરે જેવા રોગોને નિયંત્રિત કરવા માટે સતત પ્રયાસો થઈ રહ્યા છે. આ રોગો માનવીની જીવનશૈલી સાથે સીધા સંકળાયેલા હોવાથી તેમાં લોકોનો સહકાર અત્યંત આવશ્યક છે. આ રોગચાળા દ્વારા ઉભા થતા જાહેર આરોગ્ય પડકારને પહોંચીવળવા માટે રાજકોટ મહાનગરપાલિકા દ્વારા તમામ સ્તરે ધનિષ્ઠ પ્રયાસો કરી રહ્યા છે. વાહક નિયંત્રણની કામગીરી હેઠળ તારીખ ૧૩ જુલાઈથી તારીખ ૧૯ જુલાઈ દરમિયાન પોરાનાશક કામગીરી હેઠળ ૩૩૩૮૬ ઘરોમાં પોરાનાશક કામગીરી કરવામાં આવેલ છે. તથા ફિલ્ડ વર્કરો દ્વારા ૧૮૬ ઘરોમાં ફોગીંગ કામગીરી કરેલ છે. મચ્છરની ઘનતા વધુ હોય તેવા વિસ્તારોમાં વ્હીકલ માઉન્ટેન ફોગીંગ મશીન દ્વારા ફોગીંગ કામગીરી કરવામાં આવે છે. તથા સંવેદનશીલ સોસાયટી, જાહેર રોડ રસ્તાઓ તથા વધુ માનવ સમુદાય એકઠો થતો હોય તેવા તમામ વિસ્તારો ફોગીંગ કામગીરી હેઠળ આવરી લેવામાં આવેલ છે.

ડેન્ગ્યુ રોગ અટકાયતીના ભાગરૂપે શહેરી વિસ્તારમાં રહેણાંક મકાન, દુકાન, એપાર્ટમેન્ટ, કોમર્શીયલ કોમ્પલેક્ષ, ઔદ્યોગિક એકમો, વેપાર ધંધાના સ્થળ તેમજ રહેણાંક મકાનની આસપાસના વિસ્તારોમાં મચ્છરોના ઉત્પત્તિ સ્થાનો જોવા મળશે તો જગ્યાના માલીક કે ભોગવટો કરનાર કે જવાબદાર આસામી સીધી રીતે જવાબદાર ગણી બાયલોજ અંતર્ગત તેની વિરૂધ્ધ મચ્છર ઉત્પત્તિ સબબ નોટીસ તથા વહિવટી ચાર્જ વસુલાતની કામગીરી કરવામાં આવેલ છે.

### પત્નીના અફેરની શંકા અને ઘરેલુ ઝઘડા : ૧૦ લાખનો વિમો અને ૫૦ હજારની સોપારી

# મહેસાણા જિલ્લાના વિજાપુરના વિનોદ પટેલના મોતનો ભેદ ઉકેલાયો : પત્ની- પુત્રીએ ઠંડા કલેજે ભાણેજના હાથે કરાવી હત્યા

પ્રતિનિધિ,ગાંધીનગર

મહેસાણા જિલ્લાના વિજાપુરમાં લોહીના સંબંધોને શર્મસાર કરતી એક ઘટના બનવા પામી છે. ગઈ તારીખ ૮ જુલાઈ ૨૦૨૬ ના રોજ આનંદપુરાના ૫૩ વર્ષીય વિનોદ પટેલનુ એકિટવા પર જતા સમયે કારની ટકકર થી મોત થયુ હતું. શરૂઆતમાં આ એક અકસ્માત લાગ્યો, પરંતુ પોલીસ તપાસમાં આ એક પૂર્વયોજીત હત્યા હોવાનુ બહાર આવ્યુ છે. જેમાં વિનોદ પટેલની પત્ની રીટા પટેલ, પુત્રી શ્રધ્ધા પટેલ અને પત્નીની બહેનનો દિકરો વિમલ પટેલ સામેલ હતા.




મૃતક વિનોદકુમાર મણીલાલ પટેલના પરીવારમાં પત્ની રીટા, ઓસ્ટ્રેલિયામાં સ્થિત પરણીત પુત્ર દિવ્ય અને પુત્રી શ્રધ્ધા છે. વિનોદભાઈ સુખી સંપન્ન હતા અને મેડીકલ સ્ટોર ચલાવતા હતા. જો કે તેમની પત્ની રીટાબેન ૮ મહિનાથી વાડીલાલ કંપનીમાં જોબ કરતા હતા. જે વિનોદભાઈને બિલકુલ પસંદ ન હતું. પત્ની ગમે ત્યારે જોબ પર જતી અને આવતી હોવાથી પતિને શંકા હતી કે જયાં રીટાબેન જોબ કરે છે ત્યાં તેમનુ કોઈ સાથે અફેર છે. આ શંકાના કારણે ઘરમાં અવાર નવાર ઝઘડા થતા હતા. વિનોદભાઈના મોતના ૮ દિવસ અગાઉ પહેલા થી ડરી ડરીને રહેતા અને પત્ની તેમને પોલીસની ધમકી આપતી હતી. હત્યાનુ ષડયંત્ર એક મહિના પહેલા જ ઘડાઈ ચુકયુ હતું. પત્ની અને પુત્રીએ મળીને પતિનો કાયમી કાંટો કાઢી નાંખવા માટે બહેનના દિકરા વિમલને તૈયાર કર્યો હતો. જે બાદ મે-જુન મહિનામાં જ તેને ૫૦ હજાર રૂપીયા અન્યના ખાતામાંથી ઓનલાઈન ટ્રાન્સફર કર્યા હતા. હત્યાને અકસ્માતમાં ખપાવી દેવા માટે અને વિમાના રૂપીયા મેળવવા આરોપીઓએ એક મહિના પહેલા જ વિનોદભાઈનો ૧૦ લાખ રૂપીયાનો અકસ્માત વિમો પણ ઉતરાવ્યો હતો.

આ હત્યાને અંજામ આપવા વિમલ રાજસ્થાનથી બ્રેઝા ગાડી ભાડે લાવ્યો અને પકડાઈ ન જાય તે માટે તેની નંબરપ્લેટ કાઢી નાખી હતી. ૮ જુલાઈની સાંજે અગાઉથી ઘડેલા પ્લાન મુજબ દિકરી શ્રધ્ધાએ પિતાને ફોન કરીને કહ્યુ કે પપ્પા આજે વહેલા જમવા આવજો, પુત્રી સતત પિતાને ફોન કરી તેમનુ લોકેશન વિમલને આપતી રહી. રાતના ૮:૧૫ કલાકે આનંદપુરા નજીક એકિટવા પર જઈ રહેલા વિનોદભાઈને પાછળથી બ્રેઝા કારથી વિમલે જોરદાર ટકકર મારી દીધી. આ ટકકર એટલી ભયાનક હતી કે કારનુ ટાયર માથા પર ફરી વળતા વિનોદભાઈને ગંભીર ઈજા થઈ અને હોસ્પિટલમાં તેમનુ મોત નિપજયું. અકસ્માત બાદ ઘરે મોતના સમાચાર આવતા પત્ની અને પુત્રીએ લોકો વચ્ચે રડવાનુ નાટક પણ કર્યુ હતું.

વિજાપુર પોલીસ સ્ટાફે તપાસ શરૂ કરી અને અલગ અલગ સીસીટીવી ફુટેજ ચેક કરતા સફેદ કલરની નંબરપ્લેટ વગરની શંકાસ્પદ બ્રેઝા કારની માહિતી મળી, આ દરમિયાન પોલીસ સમક્ષ નાટયાત્મક રીતે એક સાક્ષી આવ્યો, જે અકસ્માત વખતે વિમલ સાથે કારમાં બેઠેલો તેનો મિત્ર હતો. તેણે પોલીસ સમક્ષ ખુલાસો કર્યો કે વિમલે જાણી જોઈને કારથી એકિટવા ચાલકને ટકકર મારી અને ગાડી ઉભી રાખી ન હતી. હકીકત બહાર આવતા પોલીસે ૨૪ વર્ષીય વિમલ પટેલની અટકાયત કરી પુછપરછ કરતા તેણે હત્યાની કબુલાત કરી લીધી હતી. ૧૭ જુલાઈના રોજ પોલીસે સમગ્ર કેસનો ભેદ ઉકેલી પત્ની રીટા પટેલ, પુત્રી શ્રધ્ધા પટેલ અને વિમલ પટેલને જેલના સળીયા પાછળ ધકેલ્યા છે. નોંધનીય છે કે દિકરી શ્રધ્ધા પોતાના ૩ મહિનાના બાળક સાથે હાલમાં જેલના સળીયા પાછળ છે.

# ગત વર્ષની સરખામણીએ ગુજરાતમાં વરસાદમાં ૨૨ ટકા અને વાવેતરમાં ૨૧ ટકાનો ઘટાડોઃ ખેતી અને જળસંચય સામે ચિંતાજનક સ્થિતિ

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાતમાં સત્તાવાર રીતે ૧૫ મી જુનથી ચોમાસાની શરૂઆત થાય છે અને સામાન્ય રીતે જુલાઈના મધ્ય સુધીમાં રાજયમાં સારો વરસાદ નોંધાતો હોય છે. જો કે ચાલુ વરસે ચોમાસુ અપેક્ષા મુજબ આગળ વધ્યુ નથી. ૧૮ જુલાઈ ૨૦૨૬ સુધીના સત્તાવાર આંકડા મુજબ રાજયમાં ગત વર્ષની સરખામણીએ વરસાદમાં ૨૨ ટકા અને વાવેતરમાં ૨૧ ટકાનો ઘટાડો નોંધાયો છે. જેના કારણે ખેડુતો તેમજ તંત્ર માં ચિંતાના વાદળો ઘેરાયા છે. ૧૫ મી જુનથી શરૂ થયેલા ચોમાસાને એક મહિનાથી વધુ સમય વિતી ગયો હોવા છતાં રાજયમાં સરેરાશ કુલ વરસાદના માત્ર ૨૬.૫૬ ટકા જેટલો જ વરસાદ નોંધાયો છે. ગત વર્ષે ૧૮ જુલાઈ ૨૦૨૫ સુધીમાં રાજયમાં ૪૩૩.૩૧ મીલીમીટર એટલે કે ૪૮.૬૨ ટકા વરસાદ નોંધાયો હતો. જયારે ચાલુ વરસે આ જ સમયગાળા દરમિયાન માત્ર ૨૪૧.૪૩ મીલીમીટર એટલે કે ૨૬.૫૬ ટકા વરસાદ નોંધાયો છે. આમ ગત વર્ષની સરખામણીએ વરસાદમાં ૨૨.૦૬ ટકાનો ઘટાડો થયો છે.



દક્ષિણ ગુજરાતને બાદ કરતા રાજયના મોટાભાગના વિસ્તારોમાં વરસાદની અછત જોવા મળી રહી છે. ગત વર્ષની સરખામણીએ માત્ર ૨ જિલ્લાઓમાં જ વધુ વરસાદ નોંધાયો છે. ગીર સોમનાથમાં ૮૦ મીલીમીટર અને અમરેલીમાં ૨૨ મીલીમીટર વધુ વરસાદ નોંધાયો છે. જયારે બાકીના ૩૨ જિલ્લાઓમાં વરસાદ ઓછો રહ્યો છે. સૌથી વધુ ઘટાડો બનાસકાંઠામાં ૪૯૫ મીલીમટર અને સાબરકાંઠામાં ૪૬૭ મીલીમીટર નોંધાયો છે. વરસાદની અછતની અસર રાજયના જળાશયો પર પણ સ્પષ્ટ જોવા મળી રહી છે. સરદાર સરોવર નર્મદા ડેમમાં હાલ ૬૭.૫૭ મીટર પાણીનુ સ્તર છે અને કુલ સંગ્રહ ક્ષમતાના માત્ર ૪૦.૭૭ ટકા જેટલો જ જળસંગ્રહ થયો છે. રાજયના અન્ય ૨૦૬ ડેમોમાંથી ૧૦૭ ડેમોમાં પાણીનો જથ્થો ૨૫ ટકા કરતા પણ ઓછો છે. ગત વરસે આ સમયગાળા દરમિયાન મોટાભાગના ડેમોમાં સંતોષકારક જળસંગ્રહ હતો. જયારે ચાલુ વરસે માત્ર ૬ ડેમો જ સંપૂર્ણ ભરાયેલા છે. વરસાદની અછતને કારણે ખેતી પર પણ સીધી અસર જોવા મળી રહી છે. ૧૮ જુલાઈ ૨૦૨૫ સુધીમાં રાજયમાં ૫૦,૨૭,૦૮૫ હેકટર વિસ્તારમાં વાવેતર થયુ હતું. જયારે ચાલુ વરસે આ જ તારીખ સુધીમાં માત્ર ૩૯,૭૨,૯૦૫ હેકટરમાં જ વાવેતર થઈ શકયુ છે. એટલે કે અંદાજે ૧૦.૫૪ લાખ હેકટર વિસ્તારમાં ઓછુ વાવેતર થયુ છે. જે ગત વર્ષની સરખામણીએ લગભગ ૨૧ ટકાનો ઘટાડો દર્શાવે છે. પાકવાર સ્થિતિ જોવામાં આવે તો મગફળી અને કપાસના વાવેતરમાં સ્થિતિ પ્રમાણમાં સારી છે. પરંતુ ડાંગર જેવા પાકોના વાવેતરમાં નોધપાત્ર ઘટાડો જોવા મળી રહ્યો છે. આગામી દિવસોમાં રાજયમાં વ્યાપક અને સારો વરસાદ નહી થાય તો કૃષિ ઉત્પાદન તેમજ જળસંચય બંને પર તેની ગંભીર અસર પડી શકે છે.

# વડોદરા મંડળમાં માલ સામાન ના લોડિંગમાં નોંધપાત્ર વૃદ્ધિ નોંધાઈ, નવા ડેસ્ટિનેશન લોડિંગમાં પણ મોટી સફળતા પ્રાપ્ત થઈ

પશ્ચિમ રેલવેના વડોદરા મંડળ દ્વારા માલ પરિવહન ના ક્ષેત્રમાં ચાલુ નાણાકીય વર્ષના પ્રથમ ત્રિમાસિક ઉત્કૃષ્ટ કામગીરી કરતા સતત વૃદ્ધિ નોંધાવી છે. મંડળ દ્વારા એપ્રિલથી જૂન ૨૦૨૬ દરમિયાન કુલ ૩.૩૯ મિલિયન ટન માલનું લોડિંગ કરવામાં આવ્યું, જે ગયા વર્ષની સમાન અવધિની સરખામણીએ ૪.૬ ટકા વધુ છે.

પશ્ચિમ રેલવેના વડોદરા ડિવિઝનના જનસંપર્ક અધિકારી શ્રી અનુભવ સક્સેના દ્વારા જારી કરાયેલી એક અખબારી યાદી મુજબ, જૂન ૨૦૨૫ ની સરખામણીમાં જૂન ૨૦૨૬ દરમિયાન મુખ્ય માલસામાનના લોડિંગમાં નોંધપાત્ર વધારો નોંધાયો હતો. પેટ્રોલિયમ, તેલ અને લુબ્રિકન્ટ્સ (POL)નું લોડિંગ ૧૬૦ રેકથી વધીને ૨૪૭ રેક, કોલસાનું લોડિંગ ૯૭ રેકથી વધીને ૧૪૦ રેક, ખાતરનું લોડિંગ ૭૮ રેકથી વધીને ૧૨૪ રેક અને કન્ટેનર લોડિંગ ૧૪૮ રેક થી વધીને ૨૧૮ રેક થયું. આ વધારો મંડળની માલસામાન સેવાઓની વધતી કાર્યક્ષમતા અને ગ્રાહકોના રેલવેમાં વધતા વિશ્વાસને દર્શાવે છે.

આ ક્રમમાં, વડોદરા મંડળ દ્વારા ૧૭ જુલાઈ, ૨૦૨૬ ના રોજ માલ લોડિંગ ના ક્ષેત્રમાં એક મહત્વપૂર્ણ ઉપલબ્ધી પ્રાપ્ત કરતા **DFCCIL's Gati Shakti Multi-Modal Cargo Terminal at New GOhangam (DGGN)** થી **Emi®aes Terminals Private Limited (EGLY)**, મધ્ય રેલવે સુધી ૪૬ બીઓબીએસટી **(BOBST)** વેગનોનું લોડિંગ નવા ગંતવ્ય **(New Destination)** લોડિંગ સફળતાપૂર્વક પ્રારંભ કર્યું. આ રેક ના માધ્યમ થી એચઆર કોયલ **(HR Coil)** નું પરિવહન કરવામાં આવ્યું. આ રેક ૩૮૮.૦૩ કિલોમીટરનું અંતર કાપશે અને રેલવે માટે આશરે રૂા.૨૮ લાખની માલ પરિવહન આવક પ્રાપ્ત થવાની અપેક્ષા છે.

નવા ગંતવ્ય લોડિંગની આ સિદ્ધિ વડોદરા વિભાગ દ્વારા નવા ટ્રાફિક સ્ત્રોતો વિકસાવવા, ગ્રાહકોની જરૂરિયાતો અનુસાર સેવાઓનો વિસ્તાર કરવા અને માલવાહક વ્યવસાયને પ્રોત્સાહન આપવા માટે કરવામાં આવી રહેલા સતત પ્રયાસોનું પરિણામ છે. વડોદરા મંડળ કાર્યકારી કાર્યક્ષમતા, આધુનિક માળખાગત સુવિધાઓ, ગ્રાહક-કેન્દ્રિત સેવાઓ અને નવીનતા દ્વારા માલ પરિવહનને વધુ મજબૂત બનાવવા માટે પ્રતિબદ્ધ છે. મંડળનું આ ઉત્તમ પ્રદર્શન પશ્ચિમ રેલવેના માલ પરિવહનના આવકમાં નોંધપાત્ર યોગદાન આપી રહ્યું છે અને ભારતીય રેલવેની આર્થિક પ્રગતિને નવી ગતિ પણ આપી રહ્યું છે.

## દેવગઢ બારીઆમાં પરિણીતાનો ગળેફાંસો ખાઈ આત્મહત્યા

(સંપૂર્ણ સમાચાર સેવા)દાહોદ

દાહોદ જિલ્લાના દેવગઢ બારીઆ તાલુકામાં આવેલા પીપલોદ ગામમાં એક અત્યંત દૂખદ અને અરેરાટીભરી ઘટના સામે આવી છે. ગામના માતાનાવડ ફળિયામાં રહેતી એક પરિણીતાએ આંબાના ઝાડ પર ગળેફાંસો ખાઈને પોતાની જીવનલીલા સંકેલી લીધી છે. આ ઘટનાની જાણ થતાં જ સમગ્ર ગ્રામ્ય વિસ્તારમાં ભારે ચકચાર મચી ગઈ છે. માતાનાવડ ફળિયાની રહીશ શિલ્પાબેન ડાયરા નામની પરિણીતાએ અગમ્ય કારણોસર આંબાના ઝાડ પર ગળેફાંસો ખાઈ લીધો હતો. પરિણીતાની આત્મહત્યાના પગલે પરિવારજનો પર આભ તૂટી પડ્યું છે.

# સગીરાને અડપલાં કરનાર ૫૭ વર્ષના પ્રોઢની જામીન અરજી કોર્ટે ફગાવી દીધી

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

દાણીલીમડા વિસ્તારમાં ૧૪ વર્ષની સગીરાને લાલચ આપી, તેનો નગ્ન વીડિયો બનાવીને વાયરલ કરવાની ધમકી આપી અવારનવાર શારીરિક અત્યાચાર ગુજારવાના ગંભીર મામલે પોક્સો કોર્ટે આરોપી મહેબૂબ અહેમદહુસેન શેખ (ઉ.વ. ૫૭)ની નિયમિત જામીન અરજી ફગાવી છે.

પોક્સો કોર્ટના સ્પેશિયલ જજ નીતા હરેશભાઈ વસવેલિયાએ ગુનાની ગંભીરતા અને ભોગ બનનાર બાળકીની ઉંમરને ધ્યાનમાં રાખીને આરોપીને જેલના સળિયા પાછળ જ રાખવાનો આદેશ કર્યો છે. કોર્ટે આરોપીની ૮૫% શારીરિક વિકલાંગતાની દલીલ કોર્ટે ગ્રાહ્ય ન રાખી અને જેલ મેન્યુઅલ મુજબ સારવાર આપવા આદેશ કર્યો છે. ફેબ્રુઆરી ૨૦૨૬માં ભોગ બનનાર સગીરા આરોપી મહેબૂબ શેખની દુકાને ગઈ હતી, જ્યાં આરોપીએ તેનો નગ્ન વીડિયો ઉતારી લીધો હતો. ત્યારબાદ આ વીડિયો વાયરલ કરવાની ધમકી આપીને સગીરા પર અવારનવાર શારીરિક અત્યાચાર ગુજારવામાં આવતો હતો. આરોપીએ ભોગ બનનારને એવી ધમકી પણ આપી હતી કે જો તે આ અંગે કોઈને કહેશે તો તેના માતા-પિતાને કાર અકસ્માતમાં મારી નખાશે. આ અંગે દાણીલીમડા પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાતા પોલીસે આરોપીની ૧૯ જૂનના રોજ ધરપકડ કરી જેલમાં મોકલી આપ્યો હતો.

જ્યાંથી આરોપીએ જામીન માટે અરજી કરી હતી. જેની સુનાવણી દરમિયાન આરોપીના વકીલે દલીલ કરી હતી કે આરોપી ૮૫% કાયમી શારીરિક વિકલાંગતા ધરાવે છે અને તે પોતાની દૈનિક પ્રક્રિયાઓ માટે પણ અન્ય પર નિર્ભર છે, તેથી તેની સંડોવણી શક્ય નથી.

**પશ્ચિમ રેલ્વે**

**શુધ્ધિપત્ર**

ટેન્ડર નંબર MMCT-SnT-STTD-22-2026 હાલની ટેન્ડર સમાપ્તિ તારીખ અને સમય: તા. 20.07.2026 ના રોજ 15:00 કલાકે. સુધારેલી તારીખ અને સમય: તા. 27.07.2026 ના રોજ 15:00 કલાકે.

0393

અમને ફોલો કરો: X.com/WesternRly

**પશ્ચિમ રેલ્વે**

**શુધ્ધિપત્ર**

ટેન્ડર નંબર MMCT-SnT-STTD-21 - 2026 હાલની ટેન્ડર સમાપ્તિ તારીખઅને સમય: તા. 20.07.2026 ના રોજ 15:00 કલાકે. સુધારેલી તારીખ અને સમય: તા. 27.07.2026 ના રોજ 15:00 કલાકે.

0392

અમને ફોલો કરો: X.com/WesternRly

**AHMEDABAD MUNICIPAL CORPORATION-SOUTH ZONE**

South zone office Building,
Rambaug, Maninagar Ahmedabad

**SZ- Short E-Tender Notice No - 3 / 2026-27**

**Road Work- 01, Building works-04, Total Works -05**

| | | |
|---|---|---|
| 1 | Date of online Submission | Date - 21-07-26 to 05-08-26 |
| 2 | Date of physical Submission | Date - 06-08-26 Up to 16.00 Hrs. |
| 3 | Tender Opening Date | To be intimated after technical bid eveluation |

All Details may be download of above notice will be available in
www.tender.nprocure.com

# અમદાવાદમાં આરએફઓ વિકાસ દેસાઈની નિકળી અંતિમ યાત્રાઃ મંત્રી અર્જુન મોઢવાડીયા અને મંત્રી પ્રવિણ માળી અંતિમ યાત્રામાં જોડાયા

પ્રતિનિધિ,ગાંધીનગર
તસવીર યુનુસ મેમણ




તાપી જિલ્લામાં લાકડા ચોરોનો પકડવા માટે ફરજ પર રહેલા આરએફઓ (રેન્જ ફોરેસ્ટ ઓફીસર) વિકાસ દેસાઈનુ માર્ગ અકસ્માતમાં દુઃખદ અવસાન થયુ હતું. આ ઘટનાથી વન વિભાગ અને પરીવારમાં શોકની લાગણી ફેલાઈ ગઈ છે. ગઈ કાલે રવિવારે અમદાવાદ સ્થિત તેમના નિવાસસ્થાનેથી તેમની અંતિમ યાત્રા નિકળી હતી. જેમાં મોટી સંખ્યામાં સ્વજનો અને અધિકારીઓ જોડાયા હતા.

મળતી માહિતી મુજબ વિકાસ દેસાઈ તાપી વિસ્તારમાં જંગલમાંથી લાકડાની ચોરી કરી ભાગી રહેલા તત્વોનો પીછો કરી રહ્યા હતા. આ દરમિયાન તેમની સાથે ગંભીર અકસ્માત સર્જાયો હતો. જેમાં તેમનુ ઘટનાસ્થળે જ મોત નિપજયુ હતું. પોતાની ફરજ પ્રત્યે અત્યંત નિષ્ઠાવાન એવા વિકાસ દેસાઈની આ આકસ્મિક વિદાયથી વનવિભાગે એક જાગૃત અધિકારી ગુમાવ્યો છે.

અમદાવાદમાં સ્વર્ગસ્થ વિકાસ દેસાઈના નિવાસસ્થાને પહોચી ગુજરાતના વન અને પર્યાવરણ મંત્રી અર્જુન મોઢવાડીયા અને મંત્રી પ્રવિણ માળીએ તેમને ભાવભીની શ્રધ્ધાંજલી અર્પણ કરી હતી.

મંત્રીએ શોકગ્રસ્ત પરીવારોને મળીને સાંત્વના પાઠવી હતી અને આ કઠીન સમયમાં સરકાર પરીવારની સાથે હોવાની ખાત્રી આપી હતી. વિકાસ દેસાઈ જેવા નિષ્ઠાવાન અધિકારીએ પોતાની ફરજ બજાવતા જીવ ગુમાવ્યો છે. તે ખુબ જ દુઃખદ છે. તેમનુ બલીદાન હંમેશા યાદ રહેશે.

રાજય સરકાર તેમના પરીવારના પડખે ઉભી છે તેવુ મંત્રીઓએ જણાવ્યુ હતું.

# દિલ્હીના જંતર-મંતર ખાતે CJPના વિરોધ પ્રદર્શન વિરુધ્ધ પોલીસ કાર્યવાહીની રાષ્ટ્રના અગ્રણી અખબારોએ કરી અવગણના

(નીડર, નિષ્પક્ષ અને તટસ્થ છગનલાલ મેવાડા ધ્વારા) સુરત

દિલ્હીના જંતર-મંતર ખાતે પર્યાવરણવાદી કાર્યકર સોનમ વાંગચૂકને તેમની ભૂખ હડતાળના સ્થળેથી બળજબરીથી દૂર કરીને હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યાના એક દિવસ પછી, રવિવારે અગ્રણી અખબારોએ માત્ર પોલીસના એવા દાવાઓને પ્રકાશિત કર્યા છે કે તેઓએ હાઈકોર્ટના આદેશનું પાલન કર્યું છે. મોટાભાગના અખબારોએ તેમના પહેલા પાના પર આ વાર્તાને આવરી લીધી હતી.

ત્યારે હિંદુસ્તાન ટાઈમ્સે આ વાર્તાને પાનાંના નીચેના ભાગમાં મૂકી દીધી અને તેને માત્ર વિરોધી પક્ષોની ટિપ્પણીઓ સુધી મર્યાદિત કરી હતી. હિન્દી દૈનિક અમર ઉજાલાએ તેના પહેલા પાનાં પર આ વાર્તાનો ઉલ્લેખ કર્યો નથી. જ્યારે આ વાતને પહેલા પાનાં પર મુખ્ય સ્થાન ન આપતા, હિંદુસ્તાન ટાઈમ્સે ઉલ્લેખ કર્યો હતો કે વાંગચૂકને વિરોધ સ્થળ પરથી “બળજબરીથી દૂર” કરવામાં આવ્યા હતા. જ્યારે ધી ઈન્ડિયન એક્સપ્રેસે પોલીસની કાર્યવાહીને મુખ્ય સમાચાર તરીકે મુખ્ય પૃષ્ઠ પર પ્રકાશિત કરી હતી અને કહ્યું હતું કે વાંગચૂકને હોસ્પિટલમાં “શિફટ” કરવામાં આવ્યા હતા. આમ કહેવાતા મોટા અખબારોએ મોટાભાગે પોલીસના દાવાઓ પર ધ્યાન કેન્દ્રિત કરી પોલીસનો બચાવ કરવાનો જ બાલિશ પ્રયાસ કર્યો છે. જેમાં વિરોધીઓ પર વરસાવેલી લાઠીઓ અંગે હરફ પણ લખવામાં નથી આવ્યો.

# જુનાગઢ જિલ્લામાં ચિરોડા-દાત્રાણા રોડના કામમાં ગેરરીતીનો આક્ષેપ : સરકારી નાણાંના દુરુપયોગનો આક્ષેપ

પ્રતિનિધિ,ગાંધીનગર
તસવીર યુનુસ મેમણ





જુનાગઢ જિલ્લાના મેંદરડા તાલુકાના ચિરોડા અને દાત્રાણા ગામના ખેડુતો દ્વારા બંને ગામને જોડતા માર્ગના નિર્માણ કાર્યમાં ગેરરીતી અને સરકારી નાણાંનો દુરુપયોગનો આક્ષેપ કરી જિલ્લા કલેકટરને આવેદનપત્ર આપ્યુ છે.

ખેડુતોની માંગ છે કે રોડનુ કામ આગળ વધારતા પહેલા નદી કિનારે પુરસંરક્ષણ દિવાલનુ નિર્માણ કરવામાં આવે, જેથી દર વરસે થતુ નુકશાન અટકાવી શકાય, વર્ષ ૨૦૨૩ માં મંજુર થયેલા ચિરોડા-દાત્રાણા માર્ગ નુ કામ હાલ મંદ ગતિએ ચાલી રહ્યુ હોવાનુ ખેડુતોનુ કહેવુ છે. ખેડુતોના આક્ષેપ મુજબ કામ કરતી એજન્સીએ અનેક સ્થળોએ ખેડુતોના પારાઓ તોડી નાંખ્યા છે. તેમજ નદીના પ્રવાહમાં અવરોધ ઉભો થાય તે રીતે પારા બંધ કરી દીધા છે. જેના કારણે વરસાદી પાણી રોડ રસ્તા પર ફરી વળે છે અને ખેતરોમાં ઘુસી જતા હજારો વિઘા ખેતીને નુકશાન થાય છે. આ મુદ્દે ખેડુતો અગાઉ મેંદરડા મામલતદાર અને તાલુકા વિકાસ અધિકારીને પણ લેખિત રજુઆત કરી ચુકયા છે. તેમ છતાં સમસ્યાનો કોઈ ઉકેલ આવ્યો નથી.

ખેડુતોનુ કહેવુ છે કે યોગ્ય આયોજનના અભાવે માર્ગ નુ કામ કરવામાં આવી રહ્યુ છે, જેના કારણે ભવિષ્યમાં પણ પુર થી નુકશાન થવાની સંભાવના યથાવત રહેશે. ખેડુતોએ કલેકટરને અપીલ કરી છે કે રોડનુ કામ શરૂ કરતા પહેલા નદી કિનારે મજબુત પૂર સંરક્ષણ દિવાલ નુ નિર્માણ કરવામાં આવે, તેમનુ માનવુ છે કે આ રીતે સરકારી નાણાંનો યોગ્ય ઉપયોગ થશે, ખેતીને નુકશાન થી બચાવી શકાશે અને બંને ગામ વચ્ચેનો માર્ગ પર લાંબા ગાળે ટકાઉ બની શકશે.

# દેશ માટે આનાથી મોટી શરમજનક બાબત શું હોઈ શકે?

# સરકારી નોકરી મેળવવામાં ૫૦ વખત નિષ્ફળતા મળતા B.TECH ગોલ્ડ મેડલ વિજેતા યુવાને કરી આત્મહત્યા?

(નીડર, નિષ્પક્ષ અને તટસ્થ છગનલાલ મેવાડા ધ્વારા) સુરત

“સોરી પપ્પા, મે પ્રયત્ન કર્યા હતા છતાં સરકારી નોકરી મેળવવા માટે મને ૫૦ વખત નિષ્ફળતાઓ મળતા હવે હું જીવનને અલવિદા કરું છું.” આ શબ્દો છે મૂળ બિહારના બક્સરના વતની અને લોહીયા પ્રાઈવેટ લિમિટેડના નિવૃત કર્મચારી રાજકુમારના તેજસ્વી પુત્ર આનંદના સુસાઈડ નોટમાં લખાયેલા નિરાશાભર્યા લાગણીશિલ શબ્દો મોતને વહાલું કરનાર આનંદે વર્ષ૨૦૨૪ માં કાનપુરની એક પ્રતિષ્ઠિત એન્જિનિયરીંગ કોલેજમાંથી ઈલેક્ટ્રિકલ એન્જિનિયરીંગમાં B.TECH પૂર્ણ કર્યું હતું.

રાજયમાં ત્રીજો ક્રમ મેળવવા બદલ ૧૩ ઓગષ્ટ, ૨૦૨૪ ના રોજ કોલેજના એક સમારોહમાં રાજયપાલ આનંદીબેન પટેલના હસ્તે તેને ગોલ્ડ મેડલ એનાયત કરવામાં આવ્યો હતો. ડિગ્રી પૂર્ણ કર્યાબાદ આનંદ ખાનગી ક્ષેત્રમાં નોકરી કરવાની સાથે સાથે સરકારી નોકરી મેળવવા માટેની સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી પણ કરી રહ્યો હતો. પોલીસે જણાવ્યુ કે વારંવાર પ્રયાસો કરવા છતાં પરીક્ષા પાસ ન થવાને કારણે તે સતત માનસિક તણાવમાં રહેતો હતો. આ બનાવ કાનપુરના ગુજેનીમાં ભાડાના મકાનમાં બન્યો હતો કે જ્યારે આનંદના પિતા અને દાદા એના મોટાભાઈ (મરનાર આનંદ)ના ભાઈ માટે લગ્ન નક્કી કરવા માટે બિહાર ગયા હતા. અને આનંદ ઘરે એકલો હતો.

આ બનાવ અંગે ગોવિંદ નગર પોલીસ સ્ટેશનના SHO અશોક કુમાર દૂબેએ જણાવ્યુ હતું કે, ઘટના સ્થળેથી પાંચ લાઇનની એક સુસાઈડ નોટ મળી આવી છે. જેમાં “ સોરી” શબ્દ સાત થી આઠ વખત લખાયેલો છે. પ્રાથમિક દ્રષ્ટિએ પોલીસનું માનવું છે કે સરકારી નોકરી મેળવવામાં વારંવાર મળેલી નિષ્ફળતાના કારણે ડિપ્રેશનમાં આવીને આનંદે આ આત્મઘાતી પગલું ભર્યું છે. આ મામલે વધુ આગળની તપાસ પોલીસ કરી રહી છે. ત્યારે અહીં સરકારના ખોખલા દાવાઓનું સાચું ચિત્ર સ્પષ્ટ દેખાઈ રહ્યું છે કે આજે દેશની પરિસ્થિતિ શું છે?

# સુરત મનપા કમિશ્નરને સસ્પેન્ડ કેમ ન કર્યા ? નાસીરનગર ડીમોલેશન મામલે હાઈકોર્ટનો સરકારને વેધક સવાલ

પ્રતિનિધિ,ગાંધીનગર




સુરતના નાસીરનગર વિસ્તારમાં થયેલા ગેરકાયદેસર ડીમોલેશન મામલે આજે ૨૦ જુલાઈએ હાઈકોર્ટમાં યોજાયેલી સુનાવણીમાં કોર્ટે રાજય સરકાર અને સુરત મ્યુનિસીપલ કમિશ્નરની આકરા શબ્દોમાં ઝાટકણી કાઢી વેધક સવાલો કર્યા હતા. કોર્ટે કહ્યુ હતુ કે રાજય સરકાર હાઈકોર્ટની આંખમાં ધુળ નાંખવાનો પ્રયાસ ન કરે, ગેરકાયદે ડીમોલેશન મામલે નાના કર્મચારીઓ સસ્પેન્ડ તો થયા તો મ્યુનિસીપલ કમિશ્નર તેના હોદ્દા પર કેવી રીતે રહી શકે ? તેમને કેમ હજુ સસ્પેન્ડ નથી કર્યા ?

સુરત નાસીરનગર ડીમોલેશન મુદ્દે ૨૬ અરજદારો દ્વારા ગુજરાત હાઈકોર્ટમાં અરજી દાખલ કરવામાં આવી છે. જેમાં રાજય સરકાર, સુરત મ્યુનિસીપલ કોર્પોરેશન, સુરત પોલીસ કમિશ્નર, એસઓજી ના ડીસીપી રાજદીપસિંહ નકુમ, ખાનગી બિલ્ડર, પોલીસ અને એસએમસીના કર્મચારીઓ તેમજ ટોરેન્ટ પાવરને પક્ષકાર બનાવવામાં આવ્યા છે. કોર્ટે કહ્યુ હતુ કે આ ઘટનામાં એસએમસી કમિશ્નરના મોબાઈલ નંબરની સ્પષ્ટ હાજરી છે. ઉલ્લેખનીય છે કે આ મુખ્ય અરજીમાં એસએમસીના એકિઝકયુટીવ એન્જીનીયર સુજલ પ્રજાપતિના વકીલે પણ રજુઆત કરી હતી. તેઓએ કહ્યુ હતુ કે એસએમસી કમિશ્નરે તેમના કામની પ્રશંસા કરી હતી અને મોટા દબાણ ઉપર નજર રાખવા કહ્યુ હતું. કોર્ટે કહ્યુ હતુ કે એસએમસી કમિશ્નરનો મેસેજ એફીડેવીટ ઉપર મુકાયો છે. આક્ષેપ કરનાર એસએમસીના સસ્પેન્ડ કર્મચારી છે. તેણે એફીડેવીટમાં ચોખ્ખુ કહ્યુ છે કે તેને એસએમસી કમિશ્નરના કહેવાથી ડીમોલેશન કર્યુ છે, શું તે હાઈકોર્ટમાં ખોટી એફીડેવીટ કરશે ? જેની સામે સરકારે સુરત મનપા કમિશ્નરનો બચાવ કર્યો હતો. જેના જવાબમાં હાઈકોર્ટે કહ્યુ હતુ કે તમે કોર્ટની આંખો બંધ નહી કરાવી શકો, અમને બધુ દેખાય છે કે કાયમની જેમ નાના અધિકારીઓને બલીનો બકરો બનાવી મુખ્ય જવાબદાર અધિકારીઓ છટકી જાય છે. ૨ જુલાઈએ થયેલી સુનાવણી દરમિયાન હાઈકોર્ટે કોર્પોરેશનના રીપોર્ટ સામે સવાલો ઉઠાવ્યા હતા. કોર્ટે સરકારને પુછયુ હતુ કે શું તમે નાગરીકો માટે પણ જવાબદાર નથી ? કોર્પોરેશને જે રીપોર્ટ રજુ કર્યો છે તેને ઈન્કવાયરી રીપોર્ટ જ ન કહેવાય, નાના કર્મચારીઓને સસ્પેન્ડ કરીને તમે સંતોષ માની લો તેવુ કોર્ટ માનવા તૈયાર નથી. જેની સામે સરકારે એવી દલીલ કરી હતી કે આ ઘટનામાં સરકાર સીધી રીતે જવાબદાર નથી, ત્યારે કોર્ટે વળતો પ્રહાર કરતા કહ્યુ હતુ કે આટલા મોટાપાયે ડીમોલેશન થયુ અને તેની તમને ખબર ન હોય તેવુ તો બને જ નહી, પણ શું તમારી કોઈ જવાબદારી જ નથી ? કેટલાક ઓફીસરો ભેગા થઈને આવુ નકકી કરે તેવી તમારી દલીલ ગળે ઉતરે તેવી નથી, હાઈકોર્ટમાં પીટીશન ન થાય ત્યાં સુધી કોર્પોરેશનના અધિકારીઓને ખબર જ નથી પડતી કે આ કોણે કર્યુ ? હાઈકોર્ટે કોર્પોરેશનને આડે હાથ સવાલ કર્યો હતો કે આટલુ મોટુ ડીમોલેશન થયુ ત્યારે કોર્પોરેશનના અધિકારીઓ શું કરતા હતા ? તમારા કમિશ્નર ટોરેન્ટને ટેલીફોનીક સુચના આપે છે, કાયદાકીય પ્રક્રિયા હાથ ધર્યા વગર તમે લોકોના મકાનો કેવી રીતે તોડી શકો ? સરકારે પણ કોર્ટમાં સ્વીકાર્યુ હતુ કે આ દબાણો ખોટી રીતે તોડી પડાયા છે અને તેના માટે તપાસ પણ શરૂ કરી દેવામાં આવી છે. સરકારે કબુલ્યુ કે જયારે ૧૫૦ જેટલા મકાનો તોડાતા હતા ત્યારે કોર્પોરેશનના ઉચ્ચ અધિકારીઓ, પોલીસ અધિકારીઓ અને ટોરેન્ટના અધિકારીઓ ત્યાં હાજર હતા અને તેઓ માત્ર તમાશો જોઈ રહ્યા હતા. કોર્પોરેશને કોર્ટ સમક્ષ સ્વીકાર્યુ હતુ કે જે થયુ તે ખોટુ થયુ છે. પરંતુ રીપોર્ટ આવી જશે. તેના પરથી સ્પષ્ટ થશે કે કોણે મંજુરી આપી હતી. ત્યારબાદ હાઈકોર્ટે કહ્યુ હતુ કે કોર્પોરેશન માત્ર ડિમાર્કેશન માટે ગયુ હોય તો પોલીસ કમિશ્નરે તેમને કહી દેવુ જોઈએ કે ડિમાર્કેશનની પ્રવૃત્તિમાં અમારી કોઈ જરૂરીયાત નથી. પોલીસ કમિશ્નર ત્યાં શા માટે ગયા?

# રાજકોટ જિલ્લાના ઉનાના સોદરડી ગામમાં ૫ વરસના બાળકનુ ચાંદીપુરા વાઈરસ થી શંકાસ્પદ મોતઃ ગામમાં અરેરાટી ફેલાઈ

પ્રતિનિધિ,ગાંધીનગર
તસવીર યુનુસ મેમણ



રાજકોટ જિલ્લાના ઉના તાલુકાના સોદરડી ગામે ૫ વરસના બાળકનુ શંકાસ્પદ ચાંદીપુરા વાઈરસના કારણે મોત થતા શોકમય વાતાવરણ છવાયુ જવા પામ્યુ છે. જેના કારણે ૧૫૦ મકાન ધરાવતા ગામે દોડી આરોગ્યતંત્ર એલર્ટ મોડમાં આવી ગયુ છે. ૮ જેટલી ટીમો ઘરે ઘરે ફરી લોકો અને શાળાના બાળકો, શિક્ષકોને આ વાઈરસથી કેમ બચાવી શકાય તેનુ માર્ગદર્શન અપાઈ રહ્યુ છે.

સોદરડી ગામના યુવરાજસિંહ ધીરૂભાઈ ગોહિલ (ઉ.વ.૫) નામનો બાળક બિમાર પડતા તેની સારવાર જાફરાબાદ ના ટીબી ગામે બીએચએમ ડોકટર પાસે ચાલતી હતી અને ગઈ તારીખ ૧૬ ના રોજ બિમાર પડેલા આ બાળકને મહુવા સારવાર અર્થે ખસેડાયો હતો. પરંતુ શંકાસ્પદ ચાંદીપુરા વાઈરસ જેવા લક્ષણો જોવા મળતા તેને તાત્કાલીક ૧૮ જુલાઈના રોજ ભાવનગરની સર ટી હોસ્પિટલના પીડીયાટ્રીક વિભાગમાં સારવાર માટે ખસેડવામાં આવ્યો હતો. હાલ બાળકને આઈસોલેશન વોર્ડમાં રાખી નિષ્ણાંત તબીબોની ટીમ દ્વારા સઘન સારવાર આપવામાં આવી રહી છે. પરંતુ બાળકે ગઈ તારીખ ૧૯ જુલાઈની મોડી રાત્રે રાત્રીના દમ તોડયો હતો અને મૃત્યુ પામતા પરીવારને જાણ કરાતા શોકનુ મોજુ ફરી વળ્યુ હતું. બાળકનો મૃતદેહ તેના ઘરે લાવવામાં આવતા સમગ્ર ગ્રામજનો આ બાળકના પરીવારના દુઃખમાં સહભાગી બનવા દોડી આવ્યા હતા.

સોદરડી ગામે દોડી આવેલી મેડીકલ ટીમના વડા ડોકટર વિપુલ દુમાતર નો સંપર્ક કરતા તેમણે મીડીયાને જણાવ્યુ હતુ કે બાળકને છેલ્લા ૩ દિવસથી, પેટમાં અસહ્ય દુઃખાવો રહેતો હોય અને બેભાન જેવી ગંભીર સ્થિતિમાંથી પસાર થઈ રહ્યુ હતું. પ્રાથમિક સારવાર માટે તેને સર્વપ્રથમ ટીબી ખાતે આવેલ અરોધયમ નામે ચાલતા બીએચએમ તબીબ પાસે રૂટીંગ દવા આપવામાં આવી હતી. પરંતુ કોઈ ફેર ન પડતા મહુવા સારવાર અર્થે ખસેડાયો હતો. જો કે તબિયત વધુ લથડતા તેને તાત્કાલીક ભાવનગરની સર ટી હોસ્પિટલમાં રીફર કરવામાં આવ્યો હતો. ત્યાં તેનુ કરૂણ મોત નિપજયુ હતું. હાલ આરોગ્ય વિભાગની ટીમો સોદરડી ગામે પહોચી ચાંદીપુરા વાઈરસ થી બચવા શૈક્ષણિક સંસ્થાના બાળકોને જાગૃત કર્યા હતા અને તાવ, ઉલ્ટી, આંચકી અને અન્ય રોગ થી બિમાર પડેલા બાળકો યુવાનો, વડીલોને સરકારી હોસ્પિટલ અથવા નજીકના નિષ્ણાંત તબીબ પાસે સારવાર લેવા ભારપુર્વક આગ્રહ કર્યો હતો.

# ગુજરાત રાજયની ૧૧ મેડીકલ કોલેજો હેલ્થ મેનેજમેન્ટ ઈન્ફોર્મેશન સિસ્ટમ લાગુ કરવામાં ગઈ નિષ્ફળ

પ્રતિનિધિ,ગાંધીનગર

નેશનલ મેડીકલ કમિશન (એનએમસી) દ્વારા દેશની તમામ મેડીકલ કોલેજોમાં આયુષ્યમાન ભારત ડીઝીટલ મિશન અંતર્ગત હેલ્થ મેનેજમેન્ટ ઈન્ફોર્મેશન સિસ્ટમ લાગુ કરવાનો કડક આદેશ આપવામાં આવ્યો હતો. જો કે આ આદેશ બાદ પણ રાજયની ૧૧ જેટલી મેડીકલ કોલેજો તેનુ પાલન કરવામાં નિષ્ફળ ગઈ હોવાનુ બહાર આવ્યુ છે. જેથી નેશનલ મેડીકલ કમિશન દ્વારા આ કોલેજોને તાત્કાલીક ક્ષતિઓ સુધારવા માટે ચેતવણી અપાઈ છે.

આ ચેતવણી બાદ પણ સુધારો કરવામાં નહી આવે તો મેડીકલ એસેસમેન્ટ એન્ડ રેટીંગ બોર્ડ દ્વારા તેમની વિરૂધ્ધ લાયસન્સ રીન્યુઅલ અટકાવવા સહિતના પગલા ભરવાની ચીમકી ઉચ્ચારવામાં આવી છે. નેશનલ મેડીકલ કમિશન દ્વારા જાહેર કરાયેલા આદેશ અનુસાર તબીબી શિક્ષણ અને હોસ્પિટલ વ્યવસ્થાપનમાં પારદર્શિતા લાવવા માટે દર્દીઓના ડીઝીટલ હેલ્થ રેકોર્ડ શેર કરવા અનિવાર્ય છે. આ વ્યવસ્થા હેઠળ તમામ કોલેજોએ પોતાના સોફટવેરને કેન્દ્રીય નેશનલ હેલ્થ ઓથોરીટીના ડેશબોર્ડ સાથે સાંકળવાનુ હતુ, પરંતુ નિયત સમય મર્યાદા વિતી જવા છતાં અનેક સંસ્થાઓએ આ પ્રક્રિયા પુર્ણ કરી નથી. જેના કારણે કમિશને ડીફોલ્ટર સંસ્થાઓની યાદી જાહેર કરીને ખુલાસો માંગ્યો છે.

આ સત્તાવાર યાદીમાં ગુજરાતની સંસ્થાઓને ૩ અલગ અલગ કેટેગરીમાં વહેંચવામાં આવી છે. પ્રથમ કેટેગરીમાં એવી કોલેજો છે જેમની પાસે ડીઝીટલ સોફટવેર ઉપલબ્ધ છે પરંતુ ટેકનીકલ માઈલસ્ટોન જેવા કે આભા આઈડી ઈન્ટિગ્રેશન અને સ્કેન એન્ડ શેર સુવિધા પૂર્ણ ન થવાને કારણે તેમનો ડેટા કેન્દ્રીય ડેશબોર્ડ પર પ્રદર્શિત થતો નથી. આ યાદીમાં નડીયાદની ડો. એન ડી દેસાઈ ફેકલ્ટી ઓફ મેડીકલ સાયન્સ, અમદાવાદની ઈએસઆઈસી મેડીકલ કોલેજ નરોડા, ભુજની ગુજરાત અદાણી ઈન્સ્ટિટયુટ ઓફ મેડીકલ સાયન્સીસ, નરેન્દ્ર મોદી મેડીકલ કોલેજ અમદાવાદ, મહેસાણાની નુતન મેડીકલ કોલેજ અને અમદાવાદની શ્રીમતી એનએચએલ મ્યુનિસીપલ મેડીકલ કોલેજનો સમાવેશ થાય છે. બીજી કેટેગરીમાં એવી સંસ્થાઓનો સમાવેશ થાય છે જેઓ હજુ સુધી આયુષ્યમાન ભારત ડીઝીટલ મિશન સક્ષમ સોફટવેરનો ઉપયોગ જ નથી કરી રહી, આ યાદીમાં કલોલની અનાન્યા કોલેજ ઓફ મેડીસીન, ભાગ્યોદય મેડીકલ કોલેજ, અમદાવાદની ડો. એમ કે શાહ મેડીકલ કોલેજ, સાલ ઈન્સ્ટિટયુટ ઓફ મેડીકલ સાયન્સીસ, વડોદરાની એસ બી કે એસ મેડીકલ ઈન્સ્ટિટયુટ, અમરેલીની શાંતાબા મેડીકલ કોલેજ અને સ્વામિનારાયણ ઈન્સ્ટિટયુટ ઓફ મેડીકલ સાયન્સીસ નો સમાવેશ થાય છે. જયારે ત્રીજી કેટેગરીમાં હેલ્થ ફેસિલિટી રજીસ્ટ્રી આઈડી સબમીટ ન કરનાર અથવા અયોગ્ય ડેટા આપનાર સંસ્થાઓમાં અમદાવાદની આઈ કે ડી આર સી (કીડની હોસ્પિટલ અને મીરાજ ની સંસ્થાનો સમાવેશ થાય છે) નેશનલ મેડીકલ કમિશને તમામ સંસ્થાઓને આદેશ આપ્યો છે કે તેઓ તાત્કાલીક પોતાના વેન્ડરનો સંપર્ક કરીને સિસ્ટમ કાર્યરત કરે અથવા સરકારી ઈ- હોસ્પિટલ સોફટવેર અપનાવીને નિયમોનુ પાલન સુનિશ્ચિત કરે.

# ચૈતર વસાવાએ કામ જ નથી કર્યાઃ હું ડિબેટ કરવા તૈયાર છુંઃ મનસુખ વસાવાની ચૈતર વસાવાને ઓપન ચેલેન્જ

પ્રતિનિધિ,ગાંધીનગર



ડેડીયાપાડાના જાનકી આશ્રમ ખાતે આયોજીત એક બેઠકમાં ભરૂચના સાંસદ મનસુખ વસાવાએ આક્રમક તેવર અપનાવતા રાજકીય ગરમાવો લાવી દીધો છે. સાંસદે એક તરફ ડેડીયાપાડાના ધારાસભ્ય ચૈતર વસાવા પર વિકાસના કામો ન કર્યાનો આરોપ લગાવી જાહેરમાં ડિબેટનો પડકાર ફેંકયો છે. તો બીજી તરફ પોતાની જ પાર્ટીના જિલ્લા પ્રમુખ નીલરાવ અને સંગઠનના પદાધિકારીઓ પર ગંભીર સવાલો ઉઠાવ્યા છે. સાંસદ મનસુખ વસાવાએ જણાવ્યુ હતુ કે ચૈતર વસાવાએ આ વિસ્તારમાં વિકાસના કોઈ જ કામો કર્યા નથી. તેમણે કટાક્ષ કરતા કહ્યુ હતુ કે ચૈતર વસાવા લોકોના ભલા માટે નહી પરંતુ પોતાના માણસોને કારણે જેલમાં ગયા હતા. સાંસદે સ્પષ્ટ કહ્યુ હતુ કે આ વિસ્તારમાં થયેલા તમામ વિકાસના કામો ભારતીય જનતા પાર્ટીની દેન છે. વધુમાં કાયદો હાથમાં લઈને કામ નથી થતા તેવુ કહી તેમણે ધારાસભ્યની કાર્યશૈલી પર સવાલો ઉઠાવ્યા હતા. પોતાના જ પક્ષના સંગઠન સામે નારાજગી વ્યકત કરતા સાંસદ મનસુખ વસાવાએ કહ્યુ હતુ કે જો તમે જવાબદારી ન નિભાવી શકતા હોવ તો રાજીનામુ આપી દો, તેમણે સાગબારા જમીન વિવાદ સહિતની મહત્વની બેઠકોમાં જિલ્લા પ્રમુખ નીલરાવ અને મહામંત્રીની ગેરહાજરી સામે નારાજગી વ્યકત કરી હતી. સાંસદે આક્ષેપ કર્યો હતો કે પાર્ટીમાં સીનીયર કાર્યકરોની અવગણના થઈ રહી છે અને કોઈના ઈશારે કામ કરવામાં આવી રહ્યુ છે. સાંસદે ચીમકી આપતા કહ્યુ હતુ કે પાર્ટીમાં જે આડા અવળા જતા હોય તેને ધકકો મારીને બહાર કાઢી મુકવા જોઈએ. તેમણે વધુમાં ઉમેર્યુ કે જો સંગઠન યોગ્ય રીતે કામ નહી કરે તો તેઓ પાર્ટીના હોદ્દેદારો સામે પણ લડત આપતા અચકાશે નહી. ભાજપને શિસ્તબધ્ધ પાર્ટી ગણાવતા તેમણે કહ્યુ હતુ કે સંગઠનથી ઉપર કોઈ નથી અને જે લોકો પાર્ટીના હિતમાં કામ નથી કરતા, તેમની સામે હવે આંદોલન કરવામાં આવશે.

# શામળાજીની હોસ્પિટલમાં સર્જરી પછી પ્રસૂતાનું મોત નીપજતાં રોષ

(સંપૂર્ણ સમાચાર સેવા)ભિલોડા

શામળાજી આશ્રમ ચાર રસ્તા નજીક આવેલી ખાનગી હોસ્પિટલમાં ધૂળેટાની પ્રસૂતાનું ઓપરેશન કરી ડિલિવરી કર્યા બાદ બીજા દિવસે સારવાર દરમિયાન મોત નીપજતાં પરિવારજનોમાં ભારે આક્રોશ ફાટી નીકળ્યો હતો. તબીબ અને સ્ટાફ હોસ્પિટલ છોડી ફરાર થઈ જતા હોસ્પિટલ બહાર આદિવાસી સમાજના લોકો ઉમટી પડ્યા હતા. શામળાજી પોલીસે આ મામલે જાણવા જોગ ફરિયાદ નોંધી કાર્યવાહી હાથધરી હતી.ધૂળેટા ગામની ભારતીબેન બિપીનભાઈ દામા નામની પ્રસૂતાને શામળાજી આશ્રમ ચાર રસ્તા નજીક આવેલી મહાલક્ષ્મી હોસ્પિટલમાં ડિલિવરી માટે લઈ જવાઈ હતી. જ્યાં ફરજ પરના તબીબે પ્રસૂતાને પાણી ઓછું થઈ ગયું હોવાનું અને મહિલા અને બાળક બંનેને જોખમ હોવાનું જણાવી ઓપરશન કરી બાળકીને જન્મ આપ્યો હતો. બીજા દિવસે તબીબની સૂચનાથી સ્ટાફ મહિલા પ્રસૂતાના કપડાં બદલાવવા ઊભી કરતાં મહિલા ઢળી પડી હતી. તબીબે દોડી આવી સારવાર શરૂ કરી હતી. જોકે, મહિલાની તબિયત લથડતા હોસ્પિટલમાં દમ તોડી દીધો હતો હોસ્પિટલમાં મહિલાનું સારવાર દરમિયાન મોત નીપજતાં પરિવારજનો, સગા સંબધીઓ અને ગામલોકોના ટોળેટોળા ઉમટ્યા હતા.